'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ૐકારનો મહિમા

॥ ૩ ॥





પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


ૐ શબ્દબ્રહ્મ છે, તેમાં નિષ્ણાંત પરબ્રહ્મને પામે છે.

ૐકાર એ સમષ્ટિવાચક - અર્હંકાર પરમેષ્ઠિવાચક છે.

સર્વ મંત્રોમાં આદ્યપદ પ્રણવ છે. તે સર્વ વર્ણોનો આદિ જનક, શબ્દસૃષ્ટિનું મૂળ બીજ, જ્ઞાનજ્યોતિનું કેન્દ્ર, અનાહતનો પ્રતિઘોષ, પરબ્રહ્મદ્યોતક, પરમેષ્ઠિનો વાચક, યોગીજનોનો આરાધ્ય તથા ઉપાસકોને મોક્ષદાયક છે. નાસાગ્ર દૃષ્ટિ કરી આત્માના ઊંડાણમાં ડૂબકી મારી મહાન યોગી પુરુષો જેના ધ્યાનમાં લીન બની કૃતકૃત્ય થાય છે, એવો વિશ્વપૂજ્ય - અનાહત નાદપ્રેરક - યોગવિદ્યાના મુકુટમણિ સમાન ૐકાર નાદ સદાને માટે જયવંત વર્તો.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)












**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર ૐકારનો મહિમા

॥ ૩ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ✻ આચાર્ય હેમપ્રભસૂરિ

ૐ શબ્દબ્રહ્મ છે, તેમાં નિષ્ણાંત પરબ્રહ્મને પામે છે.

## PARAM BHADRANKAR AUMKAR NO MAHIMA

Personal Diaries comprising of Divine thoughts regarding Bijakshar Aumkar
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## VOLUME - 3 / 7

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 120 Pages • For Private Circulation only.

---

## PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot


team@mindfiesta.com

---

## SPONSOR

Smt. Jayaben Chunilal Dodhiya (Parasbhai)
Halar | London

---

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પૂજ્ય સાહેબજીનું પાનાઓ ભરાય એટલું સિદ્ધમંત્ર ૐ વિષયક ચિંતન અંતઃસ્થલ સુધી હૃદયસ્પર્શી સ્પર્શના કરાવનાર છે. અકાર, ઉકાર, મકાર તથા સૂક્ષ્મ ધ્વનિ - એ સર્વ મળીને ૐકાર બને છે. અન્ય દર્શનોમાં ૐકારનું સમન્વય કેવી રીતે કર્યું છે, તેમાંથી પણ એકવાર પસાર થવા જેવું છેઃ

**ૐકારના ૬ અર્થઃ** (૧) અકાર બ્રહ્મા, ઉકાર વિષ્ણુ, મકાર શિવનું રૂપ છે અને ધ્વનિ એ સ્વયં ઈશ્વરનું રૂપ છે. (૨) અકાર પૃથ્વી, ઉકાર અંતરિક્ષ, મકાર સ્વર્ગલોક અને ધ્વનિ એ સાક્ષાત્ ઈશ્વરનું રૂપ છે. (૩) અકાર ઋગ્વેદ રૂપ, ઉકાર યજુર્વેદરૂપ, મકાર એ સામવેદરૂપ છે તથા તેનો ધ્વનિ એ સાક્ષાત્ ઈશ્વરરૂપ છે. (૪) અકાર જાગૃત, ઉકાર સ્વપ્ન, મકાર સુષુપ્તિ અવસ્થા તથા ધ્વનિ તુરીયાવસ્થા - ઈશ્વરસ્વરૂપ છે. (૫) અકાર વિશ્વરૂપ, ઉકાર તેજસરૂપ, મકાર પ્રાજ્ઞરૂપ તથા ધ્વનિરૂપ સાક્ષી સ્વયં ઈશ્વરરૂપ છે. (૬) અ = વિરાટ, ઉ = હિરણ્યગર્ભ, મ = પ્રકૃતિરૂપ તથા ધ્વનિરૂપ બ્રહ્મ એ સ્વયં ઈશ્વરરૂપ છે.

મંત્રના આ ભાગમાં ૐ મંત્રાક્ષરના ભાવોને આપણા સુધી સ્પર્શાવનારા લંડનસ્થિત શ્રીજયાબેન ચુનીલાલ દોઢિયા પરિવારના પરમગુરુભક્તશ્રી **પારસભાઈ**ની અર્થસહાય અને રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ના પ્રીતિપરિશ્રમનો પ્રકટ અંશ એટલે જ...
પરમ ભદ્રંકર ૐ મંત્રાક્ષરનો મહિમા.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

ધીરા ભજનથી થઈ રહેલી આત્માનુભૂતિ મે, 1970

સત્કારમાંથી અમૃતનો વરસાદ થાય છે, અનાહત નાદ
ગાજી ઉઠે છે, તરબોળ થયેલી ઇંદ્રિયો આનંદમગ્ન છે,
બહારના કોઈ સાધન અને સૂર વિના
આત્મા પરમ આનંદનું ગાન કરી રહેલ છે.
મારા ગુરુનું એક વચન - એક બિંદુ મેં જીવનમાં
ઉતાર્યું, તો તે સાક્ષાત્કાર બનીને મહાપ્રસ્થાન થઈ ગયું.
વાદળ વિના વરસાદની જેમ
અમૃતમેઘ સમી આત્માનુભૂતિ થઈ.
ભીતરમાં જ્ઞાનસૂર્ય ઉગ્યો.
ગુરુકૃપાથી કોઈક આત્મા જ
આવો અમર જીવનનો પાઠ શીખી શકે છે.
ૐકારનો જાપ કરતાં ભાન થાય છે કે
આ સંસારનું ચંચળ અને નાશવંત સ્વરૂપ...
જો કોઈ બરાબર સમજી જાય,
તો એક અક્ષરમાં, ઓમકારમાં, તે સ્થિર થઈ જાય.

જે નામનો કદી નાશ નહિ, એ ૐ નામમાં જે
એકરૂપ બની જાય, તેને બાવન અક્ષરની જરૂર ન રહે.
એક અક્ષરનો જપ કરીને અનુપમ લાભ લઈ શકાય.

શૂન્ય, નિરાલંબ સ્થાન એવા સહસ્રારમાં
પ્રભુ બિરાજી રહ્યાં છે અને અનાહત નાદ થઈ રહ્યો છે.
ત્રિકુટી ઉપર જ્યાં બ્રહ્મનાદ વાગે છે. નિજનામ - સોહં
જાપને સિદ્ધ કર્યો હોય, તે આ ધ્વનિ સાંભળી શકે.
જે 'દર' અને બ્રહ્મરંધ્રની વાત પરમાત્મા ક્યાં વસે છે,
તેની વાત જાણે છે, તે 'દરવેશ' છે.
પાંચ ઈંદ્રિયોના વિષયોને જે પાછા હટાવી લે છે અને
દિન - રાત સાવધાન રહે છે, તે દરવેશ.
મારી નિવાસ બ્રહ્મરંધ્રમાં છે. માને પેટે હું જન્મ્યો નહિ,
સદાકાળ એકલો વિચરૂં છું, પરમાત્મા સાથેની લગની મારી
સાથે જ લેતો આવ્યો છું. સ્થૂલ - સૂક્ષ્મથી પર અક્ષરાતીત
સમગ્ર બ્રહ્માંડના સ્વામી પરમાત્મા જ વ્યાપી રહ્યાં છે.
ૐકારથી મારૂં અલગ અસ્તિત્વ જ નાશ પામ્યું છે.

ॐ અને અર્હં                                        Lunava, 17-7-76

(૧) ૐ આકારમાં ઊંડાણ છે - પાતાળ છે,
અર્હં આકારમાં ઉર્ધ્વગમન છે - આકાશ છે.
(૨) ૐ આકારમાં ગાંભીર્ય છે, અર્હંમાં વિશાળતા છે.
(૩) ૐ ત્રિકાળવ્યાપી છે, અર્હં ત્રિલોકવ્યાપી છે.
(૪) ૐ આત્મા છે - નાદ છે, અર્હં પરમાત્મા છે - જ્યોતિ છે.
(૫) ૐ શબ્દબ્રહ્મ છે, અર્હં પરબ્રહ્મ છે.
(૬) ૐ વૃત્તિઓનો સંક્ષેપ છે, અર્હં વૃત્તિઓનો વિસ્તાર છે.
(૭) ૐ આત્મદ્રવ્યનો સંકોચ છે, અર્હં આત્મભાવનો સંકોચ છે.

અનંત આત્મદ્રવ્યોનો એક આત્મદ્રવ્યમાં સંક્ષેપ કરવાનું કાર્ય ૐ મંત્ર વડે થાય છે અને અનંત આત્મભાવોનો સંક્ષેપ કરવાનું કાર્ય અર્હં મંત્ર દ્વારા થાય છે.

(૮) ૐ અર્હં શબ્દબ્રહ્મ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે.
અહીં નિષ્ણાતતા = શબ્દના આલંબને નિઃશબ્દમાં જવું,
આહત ધ્વનિ વડે અનાહત ધ્વનિમાં સ્થિર થવું.

ૐકાર એ સમષ્ટિવાચક - અર્હંકાર પરમેષ્ઠિવાચક છે.
સર્વ મંત્રોમાં આદ્યપદ પ્રણવ છે. તે સર્વ વર્ણોનો આદિ જનક, શબ્દસૃષ્ટિનું મૂળ કારણ, નાદજ્યોતિનું કેન્દ્ર, અનાહતનો પ્રતિઘોષ, પરબ્રહ્મદ્યોતક, પરમેષ્ઠિનો વાચક, યોગીજનોનો આરાધ્ય તથા ઉપાસકોને મોક્ષદાયક છે.
નાસાગ્ર દૃષ્ટિ કરી આત્માના ઊંડાણમાં ડૂબકી મારી મહાન યોગી પુરુષો જેના ધ્યાનમાં લીન બની કૃતકૃત્ય થાય છે, એવો વિશ્વપૂજ્ય - અનાહત નાદપ્રેરક - યોગવિદ્યાના મુકુટમણિ સમાન ૐકાર નાદ સદાને માટે જયવંત વર્તો.

ૐકાર વાચ્ય સ્વરૂપાર્થને ધ્યેયરૂપે ભાવતાં
સંકલ્પ - વિકલ્પ લય પામે,
રજોગુણ - તમોગુણ વિલીન થાય, સત્ત્વગુણ વિકાસ પામે,
સમતારસ અનુભવાય તથા ધ્યાનસિદ્ધિ થાય છે.
બ્રહ્મરંધ્ર - તે જ બ્રહ્મલોક, વૈકુંઠ, સિદ્ધિસ્થાન છે.
ચિત્તવૃત્તિ તે પ્રકૃતિ અને જીવ તે પુરુષ છે.
નાભિકમળમાં ધ્યાનવૃત્તિને 'સુરતા' કહે છે.

ચૈતન્ય સામાન્યનું પ્રતીક ઓંકાર છે.
નિરાવરણ - ચૈતન્યવિશેષનું પ્રતીક અર્હંકાર છે, તેથી
'ॐ अर्हं' એ સર્વશ્રેષ્ઠ મંત્ર છે.
ૐકાર વડે અનાહત નાદની અનુભૂતિ અને
અર્હંકાર વડે અનાહતનાદ - વાચ્ય અવ્યક્ત એવા
પરમાત્મસ્વરૂપની અનુભૂતિ એ લક્ષ્ય છે.
આત્મા અને પરમાત્માની એકતા એ
રહસ્ય - ગુહ્ય છે, ઐદંપર્ય છે, ધ્વનિત અર્થ છે.
ૐના જાપથી અવરોધો ટળે છે તદુપરાંત
સકલ અનુકૂળતાઓ પણ આવી મળે છે,
તેથી પરંપરાએ તે અનુષ્ઠાનો પણ વિહિત છે.
ૐકાર વડે આત્મસમાપત્તિની તથા
અર્હંકાર દ્વારા પરમાત્મસમાપત્તિની અનુભૂતિ થાય છે.
આત્મસમાપત્તિ એટલે બ્રહ્મરાશિ સાથે ચૈતન્ય.
સામાન્યથી આત્મસમાપત્તિ એટલે એકતાનો અનુભવ અને
પરમાત્મસમાપત્તિ એટલે પરબ્રહ્મ સાથે ચૈતન્ય.

નિત્ય ૐનો માનસિક જાપ કરી ઉપરાંત

નીચેના સૂત્રોનું માનસિક રટણ કરો:

એકમાં અનેક છે અને અનેકમાં એક છે.

સર્વમાં હું છું અને મારામાં સર્વ છે.

વિશ્વમાં એક જ જાતિ છે અને તે માનવત્વ જાતિ.

વિશ્વમાં એક જ ધર્મ છે અને તે પ્રેમ ધર્મ.

વિશ્વમાં એક જ આસ્થા છે અને તે સત્ય આચરણની.

વિશ્વમાં એક જ કાયદો છે અને તે કાર્યકારણનો નિયમ.

વિશ્વમાં એક જ ભાષા છે અને તે મૌનની (હૃદયની).

વિશ્વમાં એક જ ઘર છે અને

બધા જ જીવો એક કુટુંબના સભ્યો છે.

જુદાઈ એ જ મૃત્યુ અને એકતા એ જ અમરતા છે.

વિચાર, ભાવના અને ગતિને સાત્વિક બનાવો અને

તે સર્વનું યોગમાં રૂપાંતર કરો.

હુંકાર હટાવવાનું સાધન ૐકાર બને છે.

'હું'કાર હટાઈ જતાં ઓંકાર સક્રિય બને છે.

## એકાક્ષર બ્રહ્મ ૐકારનું ધ્યાન

ૐ ભગવાનનું પવિત્ર નામ છે, તેને કોઈપણ મંત્રના પ્રારંભમાં જોડીને જપ કરવાથી મંત્રની શક્તિ વધે છે.

ૐ ભગવાનને જપ કરવાનો સર્વત્ર શિષ્ટાચાર છે.

'નમઃ' શબ્દ એ વિનયનું સૂચક છે અને મંત્રની આદિમાં ૐકારની જગ્યાએ પ્રાચીન મંત્રોમાં તેનો જ પ્રયોગ મળે છે.

પ્રાણાયામ કરતી વખતે પૂરક કરતાં કુંભકના સમયની માત્રા ૪ ગણી અને રેચકની માત્રા બમણી કરવાની રીત છે.

૨ પૂરક = ૧ રેચક, ૨ રેચક = ૧ કુંભક.

પૂરકની ભાવના સોઽહં, રેચકની ભાવના 'જગન્મિથ્યા - બ્રહ્મ સત્યમ્' અને કુંભકની સ્થિરીકરણ ભાવવા.

અકાર ગાયત્રી, ઉકાર સાવિત્રી અને મકાર સરસ્વતી,

એ ત્રણેની સંધિ તે ૐકાર એકાક્ષર બ્રહ્મને

સર્વનું કારણ પરમ જ્યોતિસ્વરૂપ ધ્યાવવો.

અકાર વડે પૂરક, ઉકાર વડે કુંભક, મકાર વડે રેચક - એમ અનુક્રમે ૧૬ - ૬૪ - ૩૨ માત્રાઓ વડે કરવો.

મૂળાધારમાં રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરવા માટે
ૐના ઉચ્ચાર સાથે પ્રાણાયામ કરવાનો છે અને
દૃષ્ટિને ભ્રૂમધ્યમાં સ્થિર કરવાની છે.
શ્વાસ એ સ્વાસ્થ્યનું મહાદ્વાર છે અને
પ્રાણસંયમ એ જ મનઃસંયમ છે.
પ્રાણની સ્થિરતા સધાય તો મન આપોઆપ સ્થિર થાય
જ્યાં પ્રાણ - અપાનની એકતા સાધવાની છે,
તે મૂળાધારચક્રમાં ગણેશનું ધ્યાન કરવાનું છે.
ૐ મારા મનમાં - મારી વાણીમાં
Om is just a sound, meaningless,
only a symbol of Almighty.
ૐ શબ્દ સર્વગ્રાહી છે, મહાકાશમાં વ્યાપક છે.
ૐ મારા મનમાં સ્થિર થાશે અને
મારું મન મારી વાણીમાં સ્થિર થઈ જશે.
કૃષ્ણ ભક્તો તથા રમણ મહર્ષિ તથા સ્વામી રામતીર્થ
પણ એક ૐકારના પ્રભાવથી આશ્ચર્યકારક કાર્યો કરતાં.

## ૐકાર શા માટે પરમાત્મવાચક ગણાય ?

ચિત્તવૃત્તિઓ વડે જ ૐનો નાદ સંભળાય છે અને
સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલ ચૈતન્યનું ભાન કરાવે છે,
તેથી તે પ્રણવમંત્ર ૐકાર પરમાત્મવાચક ગણાય છે.
ધ્વન્યાત્મકમાંથી વર્ણાત્મક ૐકારની ઉત્પત્તિ થયેલ છે.

પ્રણવના નાદમાં ચિત્તવૃત્તિઓનો લય થાય,
ત્યારે સંપૂર્ણ આનંદની અનુભૂતિ થાય છે.

(ઁ) આ આકૃતિમાં (◡) અર્ધચંદ્ર એ શક્તિનું અને
(•) બિન્દુ એ શિવનું પ્રતીક છે.

વર્ણમાળાનો વિસ્તાર ૐકારમાંથી થયો છે, માટે તે બ્રહ્મ છે.

ઓંકારનો અર્થ આત્મા અથવા પરમાત્મા છે.

अवति रक्षति संसारसागरात् ।

અર્થાત્: (ૐકાર) સંસારસાગરથી રક્ષણ કરે છે.

આત્માનો બીજો અર્થ 'વિશ્વ' છે.

મનનાત્ મંત્ર । અર્થાત્: મનન કરવાથી 'મંત્ર' કહેવાય છે.
મન એટલે અર્થનું ચિંતન પણ થાય છે.

## ઓંકારના ૬ અર્થ

अ कार, उ कार અને म कार તથા
સૂક્ષ્મ ધ્વનિ - એ સર્વ મળીને ઓંકાર બને છે.

(૧) अकार બ્રહ્મા, उकार વિષ્ણુ, मकार શિવનું રૂપ છે
અને ધ્વનિ એ સ્વયં ઈશ્વરનું રૂપ છે.

(૨) अकार પૃથ્વી, उकार અંતરિક્ષ, मकार સ્વર્ગલોક
અને ધ્વનિ એ સાક્ષાત ઈશ્વરનું રૂપ છે.

(3) अकार ઋગ્વેદરૂપ, उकार યજુર્વેદરૂપ અને
मकार એ સામવેદરૂપ છે તથા
તેનો ધ્વનિ એ સાક્ષાત ઈશ્વરરૂપ છે.

(૪) अकार જાગ્રત, उकार સ્વપ્ન અને मकार સુષુપ્તિ
અવસ્થા છે તથા ધ્વનિ તુરીયાવસ્થા - ઈશ્વરસ્વરૂપ છે.

(૫) अकार વિશ્વરૂપ, उकार તૈજસરૂપ અને मकार
પ્રાજ્ઞરૂપ તથા ધ્વનિરૂપ સાક્ષી સ્વયં ઈશ્વરરૂપ છે.

(૬) अ = વિરાટ, उ = હિરણ્યગર્ભ, म = પ્રકૃતિરૂપ તથા
ધ્વનિરૂપ બ્રહ્મ એ સ્વયં ઈશ્વરરૂપ છે.

એ રીતે ૐકારના અર્થના ચિન્તનપૂર્વક સ્થિરચિત્ત થઈ
ૐનું ઉચ્ચારણ ઉભય સંધ્યાએ કરવું,
તેનાથી મન ઉપર પૂર્ણ નિયંત્રણ આવે છે તથા
ધ્યાન વધતે ઈશ્વરની જાગૃતિ થતી જાગરણ થાય છે.
જેમ નામના ઉચ્ચારણથી તે નામધારી પુરુષ સમીપ આવે,
તેમ ૐકારના ઉચ્ચારણથી
ઈશ્વરની સમીપતા અને ચિત્તની પ્રસન્નતા થાય છે.
પ્રભુના સાંનિધ્યથી ઉપાસકના સર્વ વિઘ્નો - દોષો દૂર
થાય છે અને સર્વ કામનાઓની શીઘ્ર સિદ્ધિ થાય છે.
ઉપાસક નિષ્કામ હોય, તો સંસારથી મુક્ત બનીને
પરમધામ કૈવલ્યસ્વરૂપ એવા મોક્ષને શીઘ્ર પામે છે.
અસંખ્ય કાળનાં કર્મો અંતર્મુહૂર્તમાં નાશ પામે છે, માટે
કર્મનો દોષ કાઢવો નહીં. આત્માની ઓળખાણ થાય તો
કર્મ નાશ પામે. આત્માનો સ્વસંવેદન પ્રત્યક્ષ ભાન પડે
અનુભવ કર્યા વિના કોઈને પૂર્ણ સમ્યક્ત્વ ન થાય.
તે વિના જન્મમરણનો અંત કદી આવી શકતો નથી.

## ઓમકાર ૐ ઊર્જાનું પ્રતિક છે.

વીર - વીરાંગના પાઠથી જે ફળ મળે છે,
તે જ ફળ પ્રણવ મંત્રના જાપથી મળે છે. ત્રણે પ્રકારના
તાપનો તે નાશ કરે છે, ચારે પ્રકારના પુરુષાર્થ આપે છે,
અવિદ્યાદિ ગ્રંથિઓનો નાશ કરે છે, હૃદયને શુદ્ધ બનાવે
છે અને વિશ્વના સર્વ મનુષ્યોને તે મોક્ષ આપે છે.

## મંદિરનો ઘુમ્મટ બનાવે ઉર્જાનું વર્તુળ

જ્યારે ૐનો ઉચ્ચાર તીવ્રતાથી થાય છે,
ત્યારે મંદિરનો ઘુમ્મટ એ ઉચ્ચાર પાછો ફેંકે છે અને
એક વર્તુળ બને છે, ૐ મંત્રના આવતાં ઉચ્ચારનું
અને પાછા ફરતાં ધ્વનિનું એક સર્કલ બને છે.
મંદિરનો ઘુમ્મટ આપણા ધ્વનિને પાછો મોકલીને એક
વર્તુળ નિર્મિત કરે છે, જેનો આનંદ જ અદ્ભુત છે.
ખુલ્લાં આકાશની નીચે ૐનો ઉચ્ચાર કરવાથી
વર્તુળ નિર્મિત નથી બને અને
ક્યારેય એ આનંદની અનુભૂતિ નથી થાય.

ૐકારમાં અ = નાદ = અરિહંતરૂપ.
ઉ = બિંદુ = આચાર્ય - ઉપાધ્યાયરૂપ. મ = કલા = મુનિ.
અશેષ મહત્તાની ઉપલબ્ધિ જેનાથી થાય,
તે એકાક્ષર મંત્ર ૐ છે.
(૧) બીજ (૨) મંત્ર અને (૩) પલ્લવ,
તેમાં બીજ તે ધ્યાનાકર્ષક છે, મંત્ર વિશેષક છે.
તે વડે પોતાની દયનીયાવસ્થાનું પ્રદર્શન થાય છે અને
ઇષ્ટની શક્તિના માહાત્મ્યનું ભાન થાય છે.
પલ્લવ - દ્રવણથી સાધકની વિનમ્રાવનત અવસ્થા,
કરુણાર્દ્રતા અને ઇષ્ટશક્તિની કરુણાથી
આપ્લાવિત અનુગ્રહાવસ્થાનું અવતરણ થાય છે.
એ વડે સાધક અને સાધ્યનું સાધારણીકરણ થાય છે
તથા ઇષ્ટાનુગ્રહની પુષ્ટિ થઈ વિગ્રહની સમાપ્તિ થાય છે.
ૐના મંત્રજાપ વડે સિદ્ધિની પ્રાપ્તિ કરવી હોય, તો
મનમાં ઉત્સાહ, ભાવનામાં નિશ્ચય, બુદ્ધિમાં નિરાશંસા,
વૃત્તિમાં ધૈર્ય, હૃદયે સંતોષ, જનસમૂહથી એકાંત જોઈએ.

ૐકારના ચાર પાદ કહ્યાં છે:

अ, उ, म અને ચોથો પાદ માત્રારહિત વિરામ છે.
વિરામ એટલે કારણજગત અને કારણશરીરથી પર
કેવળ શુદ્ધ પરમાત્મતત્ત્વ તે શાન્ત, શિવ તથા અદ્વૈત છે.
ૐ એ ભગવાનને કહેવાનો અત્યંત નજીકનો અક્ષર છે,
તે બોલવાથી પ્રિય વ્યક્તિનું નામ લેતાં સામસામા બેઉ
જેમ પ્રસન્ન થાય છે, તેમ ભગવાન પ્રસન્ન થાય છે.

अवति रक्षति संसारसागरात् स ओं ।

અર્થાત્: સંસારસાગરથી જે રક્ષણ કરે, તે 'ૐ' છે.

अ = અધ્યાત્મ - અવિરત.

उ = ઉન્નતિ - ઉપાસના.

म = મુક્તિ - મનને જોડવું.

આધ્યાત્મિક ઉન્નતિ વડે જ મુક્તિની પ્રાપ્તિ અને અવિરત
મનને ઉપાસનામાં જોડવાથી જ મોક્ષનો લાભ -
એ ૐના ૩ વર્ણોમાંથી નીકળતો સંદેશ યા સંકેત છે.
ચંદ્રકલા એ નાદ, બિંદુ આદિનું પ્રતિનિધિત્વ ધરાવે છે.

## ૐકારનું માહાત્મ્ય

અકાર, ઉકાર, મકાર રૂપી ત્રણ પૈડાંની ગાડી છે,
જેનું અવલંબન કરી ભક્તિ (સંવેગ) અને વૈરાગ્ય રૂપ
(નિર્વેદ) - બે પગ ઉપર ભાર દઈ ઉભા થવાય છે.
તેમ રીતે સાધક ઓંકાર દ્વારા વૃત્તિનું ઉત્થાન કરી
વૃત્તિ વડે આત્માનું ધ્યાન કરવા પ્રયત્ન કરે છે, ત્યારે
શબ્દ શાંત થઈ જાય, તો પણ
વૃત્તિ થોડી વાર ટકીને પછી શાંત થાય છે.
માટે કહ્યું છે કે : 'એતદાલંબનં શ્રેષ્ઠં |'
અર્થાત : ૐનું આલંબન શ્રેષ્ઠ છે.

ૐકારના દશ નામ કહેવાય છે:

ॐकारं प्रणवं चैव सर्वव्यापिनमेव च
अनंतं च तथा तारं शुक्लं वैद्युतकं तथा
तुरीयं परमं हंसं दशनामानि चोच्यते ।

(૧) ૐકાર (૨) પ્રણવ (૩) સર્વવ્યાપિ (૪) અનંત (૫) તાર
(૬) શુક્લ (૭) વૈદ્યુતક (૮) તુરીય (૯) પરમ (૧૦) હંસ.

ૐકારના ૧૦ નામ તથા તેના રહસ્યાર્થ

(૧) વર્તુલ = સૂક્ષ્મરૂપે બિંદુ આકાર, વર્તુલાકાર, ગોળાકાર છે. વર્તુલો વડે નિર્દિષ્ટ થાય છે, માટે તેનું નામ 'વર્તુલ' છે.

(૨) તાર = ઉપાસકોને ભવસમુદ્રથી તારે છે અથવા 'તાર' = અતિ ઉચ્ચસ્વર, તેનું ઉચ્ચારણ ઉચ્ચસ્વરે છે.

(3) વામ = પ્રિય, શિવ, શુભ, વામભાગ.

(૪) હંસ = જીવાત્મા, મનુષ્યની નસ - નાડીઓમાં ઘોળાય છે અને તેના આધારે જ જીવન ટકી રહ્યું છે, માટે હંસ.

(૫) પ્રણવ = પ્રકર્ષથી સ્તુતિવાચક, મંત્રાદિ, સત્ય.

(૬) બિંદુશક્તિ = શિવની મૂળભૂત શક્તિ.

(૭) ત્રિદૈવત = બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો વાસ.

(૮) પંચદેવ = અ = બ્રહ્મા, ઉ = વિષ્ણુ, મ = મહેશ, કલા = નાદશક્તિ અને બિન્દુ = પરબ્રહ્મ.

(૯) બ્રહ્મ = વર્ણમાળાનો વિસ્તાર.

(૧૦) વિનરૂ = વિશેષે કરીને મોક્ષ પ્રતિ લઈ જનાર.

૧૦૮ - ૧૦૦૮ - અનંત ગુણવાળો અનંત નામધારી ૐ છે.

ૐ એ બ્રહ્મનું પ્રતીક છે.

ૐનો જાપ કરતાં બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

આત્મા એ જ બ્રહ્મ છે, પરમાત્મા છે.

આ આત્મા પ્રવચન, બુદ્ધિ કે શ્રવણથી મળતો નથી.

જે તેને વરે છે, તેને જ મેળવવા ચાહે છે,

તેને તે પોતાનું સ્વરૂપ બતાવે છે.

એને વરવાનું સાધન પ્રણવ મંત્ર છે.

બ્રહ્મ લક્ષ્ય છે, આત્મા બાણ છે અને પ્રણવ ધનુષ્ય છે.

પ્રણવરૂપી ધનુષ્ય ઉપર આત્મા - મન - પ્રાણ ચઢાવવાથી

બ્રહ્મલક્ષ્ય વીંધાય છે.

અર્થાત્ પ્રણવના ધ્યાનથી બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મલક્ષ્ય ભેદાય છે, તેની સાથે હૃદયગ્રન્થિઓ છૂટે છે,

કર્મના બંધનો અને સકલ સંશયો પણ છેદાય છે.

માંડૂક્ય ઋષિ કહે છે કે: 'ૐ ઇત્યેતદક્ષરં સર્વં |' અર્થાત્:

પ્રણવ જ સર્વ કાંઈ છે.

'યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ |' 'પ્રણવઃ સર્વવેદેષુ |'

જીવની સાથે અભેદ સધાવનાર મંત્ર 'હંસઃ' છે અને શિવની સાથે અભેદ સધાવનાર 'સોઽહં' છે.

જીવ તથા શિવ સાથે અભેદ સધાવનાર મંત્ર 'ૐ' છે અને 'નમઃ' એ ૐ મંત્રનું જ વિશદરૂપ છે.

મન ઉપરથી ઉન્મન થવા, સમનસ્કતામાંથી અમનસ્કતામાં જવા, સંકલ્પ અને વિકલ્પની દશામાંથી છૂટી નિર્વિકલ્પ સ્થિતિમાં આવવા 'નમઃ' મંત્ર 'ૐ' મંત્રનું કાર્ય કરે છે.

બ્રહ્મ-પ્રણવાનુસન્ધાનેન કૃતકૃત્યો ભવતિ। આત્મા તથા ૐકારના અનુસંધાનથી, બ્રહ્મ-પ્રણવને ભિન્ન ન માનતાં બંનેનું અભેદ ચિન્તન કરવાથી અભીષ્ટસિદ્ધિ થાય.

ૐ એ બ્રહ્મ છે. બ્રહ્મ શાંત છે.

એક જ અને એક જ ધ્યેય જેને છે, તેને બીજું કશું જાણવું કે ધ્યાવવું રહે છે જ ક્યાં? તેમાં બધું રહેલું છે.

ઓં શબ્દ અને ઓં ધ્વનિમાં પરમાત્મા પરિપૂર્ણ છે.

ઓં શબ્દના ઉચ્ચારણ સાથે જ પરમાત્મા પ્રસન્ન થઈ અને ભક્તને આશીર્વાદ આપે છે.

# ૐકારનો મહિમા

તાળં, ધ્યાનં, જ્ઞાનં, સાનં, અવનમ્ | દૂણં - અવનં ||

દ્રું સ્વરને તુંબાદિ વ્યંજન નીકળી જાય, ત્યારે 'ઉં' રહે છે.

સ્વર - વ્યંજનોનો ચિરકાલીન સંબંધ છે,

તે દૂર કરવો ગમતો નથી, તેથી ઉંકારી થાય છે.

સમજણ થતાં તે અ + ઉં = ઉંકારી ન બોલશે,

એવા પરિણતિ 'ૐ'માં પરિણમતી રહે છે.

મન અને બ્રહ્મ = હંસ, સોઽહં, ૐ.

ૐકારમાં ૧૬મી કલા ચંદ્રની, ૧૨મી કલા સૂર્યની છે.

તપ (સદાચાર) તથા જપ દ્વારા

મંત્રાકાર મન, કર્મ તથા વાસનાઓનો ક્ષય થાય છે.

નાદાનુસંધાન, બ્રહ્મ તથા પ્રણવ દ્વારા મનોલય,

પ્રણવ એ પ્રાણાયામનો બ્રહ્મ - અનાહતનાદ છે.

સતત ૐકાર અનુચ્ચાર્ય છે. છાંદોગ્યમાં કહ્યું છે કે:

દેવગણ જ્યારે ઉદ્‌ગીથ (ૐ)ને સર્વ જગ્યાએ શોધવામાં

નિષ્ફળ ગયાં, ત્યારે તે બ્રહ્મમાં મળ્યો.

## શું ત્રણ મળીને ॐ બને છે?

आदिच्चचक्खू लोगाविपस्सी लोगस्स अहोभागं जाणइ।
उड्ढभागं जाणइ तिरियं भागं जाणइ।

અધો લોકનો - अ, ઉર્ધ્વ લોકનો - उ તથા
મધ્ય લોકનો - म। આમ ત્રણે મળીને ॐ બને છે.
જે પુરુષ ત્રણ લોકમાં થવાવાળી સર્વ ક્રિયાઓને
પ્રત્યક્ષ જાણે છે, તે દીર્ઘદર્શી સર્વજ્ઞ પુરુષ 'ॐ'
શબ્દનો વાચ્ય છે. હ-કારનો સ-કારમાં લય કરવાથી
જે સમાધિ પ્રગટે છે, તે 'સોઽહં' સમાધિ છે.
'હંસ' મંત્રનો અર્થ પણ 'સોઽહં' મંત્ર બને છે.
ઓંકારમાં સાકાર - નિરાકાર ઈશ્વર તથા
સર્વ સદ્ગુરુઓનો સમાવેશ થઈ જાય છે.
આદિત્યચક્ષુ, દીર્ઘદર્શી, ત્રણ લોકને જાણનાર એવા
પૂર્ણ જ્ઞાની પુરુષ, તે ઓંકારના વાચ્ય છે.
ઓંકાર એ ઈશ્વરનું સર્વોત્તમ નામ છે.
એના દ્વારા પ્રભુની સમસ્ત શક્તિઓનું જ્ઞાન થાય છે.

ઓંકારમાં પાંચ માત્રાઓ છે: અ, ઉ, મ, ◡ તથા ૦.

અ = બ્રહ્મા, ઉ = વિષ્ણુ, મ = મહેશ,
◡ = શક્તિ (માયા) તથા ૦ = બ્રહ્મ.

વ્યષ્ટિ

અ = જાગ્રત, ઉ = સ્વપ્ન, મ = સુષુપ્તિ,
◡ = અજ્ઞાન (અવિદ્યા) તથા ૦ = સાક્ષી.

સમષ્ટિ

અ = ઉત્પત્તિ, ઉ = સ્થિતિ, મ = લય,
◡ = માયા (પ્રકૃતિ) તથા ૦ = બ્રહ્મ (પુરુષ).

૦

ૐની ઉપાસના દ્વારા પહેલો ઉપાય સધાય છે અને દોષદર્શન દ્વારા દોષોનો વિલય એ બીજો ઉપાય છે.

વિશ્વની પરમ શક્તિને કોઈ એક શબ્દમાં વ્યક્ત કરવી હોય, તો તે એકાક્ષરી મંત્ર ૐ છે.

ઓંકાર એટલે કબીરનું નિર્ગુણબ્રહ્મ અને તુલસીનું સગુણ રામતત્ત્વ.

## ૐનું સુમિરણ

ૐની ત્રણ માત્રા દ્વારા ત્રિગુણાત્મક સૃષ્ટિ અને ચોથી પર અર્ધમાત્રા દ્વારા ગુણાતીત બ્રહ્મનો સંકેત છે.
ૐનો જપ અને ભાવાર્થનું ચિંતન - એ બે પાંખો વડે મહાપ્રાણ ત્રણે ત્રણ લોકની સીમાઓને પાર કરી જાય છે.
તન મન ભાન ભુલાય = પ્રયત્નપૂર્વક થતું 'સુમિરણ' ઉર્ધ્વાધોમધ્ય સર્વ ગ્રંથિઓના બંધનોને છેદી નાંખે છે.
ચૈતન્ય સાથે એકરસ થયાં વિના મંત્રચૈતન્ય જાગતું નથી.
એક એક જપ મહાપ્રાણના હૃદયમાં ચોટ મારતો જાય,
ત્યારે પ્રકૃતિનાં ભારે આર્ગળો તૂટતાં જાય.
મહાપ્રાણ પોતે ભેદાતો જાય એ જપસાધનાનું રહસ્ય છે.

ध्यायेत् तेजोमयं ब्रह्मतेजो ध्यानं परात्परम्।
भ्रुवोर्मध्ये मनोऽर्धे च देवतेजः प्रणवात्मकम् ॥१॥
ललाटमध्ये हृदयांबुजे वा, यो ध्यायति ज्ञानमयीं प्रभां तु।
शक्तिं सदा दीपवदुज्ज्वलन्तीं,
पश्यन्ति ते ब्रह्म तदेकनिष्ठाः ॥२॥

| | | |
|---|---|---|
| अ = અધ્યાત્મ | | આધ્યાત્મિક |
| उ = ઉન્નતિ | | ઉન્નતિ વડે |
| म = મુક્તિ | | મોક્ષની પ્રાપ્તિ. |
| अ = અવિરત | | અવિરત |
| उ = ઉપાસના | | ઉપાસનામાં |
| म = મન | | મનને જોડવું. |

તજ્જપસ્તદર્થ ભાવનમ્ । તે મનોજપ = તે અર્થનું ભાવન,
ઓંકાર નિર્દિષ્ટ આત્મતત્ત્વનું નિદિધ્યાસન.
ૐ એ પરમાત્માનું મહામંગળકારી નામ છે.
ઓંકાર પંચવર્ણમય છે, તેથી પંચપરમેષ્ઠિમય છે.
પંચવર્ણમય ઓંકારના જાપથી બુદ્ધિ સત્ તરફ દોરાય,
તો સદ્વિચાર અને સત્કર્મોની પરંપરા જાગે.
આયુર્વેદનો એવો અભિપ્રાય છે કે ૐકારનો ધ્વનિ
જો સ્પષ્ટ ન નીકળે, તો મરણને નિકટ સમજવું.
જે આપવામાં આવે છે, તે સ્વર્ણમય બને છે તથા
જે સંગ્રહવામાં આવે છે, તે અંતે માટીમાં મળી જાય છે.

સાડા ત્રણ માત્રાનો ૐકાર શું સૂચવે છે?

ॐकार मात्रे सचराचरं जगत् ।

આ એકાક્ષરને હૃદયમાં ઉતારતાં અ-ક્ષર થવાય છે.
ૐકારના જાપથી સાધનાની ગતિ આભ્યંતર થતી જાય છે
તથા મહાનાદમાં અહંનો લય થઈ જાય છે.

સાડા ત્રણ માત્રાના ૐકારમાંથી ત્રણ માત્રા
ત્રણ સૃષ્ટિ, ત્રણ વાણી તથા ત્રણ અવસ્થાને અને
અર્ધમાત્રા દિવ્ય અવસ્થાને સૂચવે છે.

સ્થૂળ, સૂક્ષ્મ અને તૈજસ - એ ત્રણ સૃષ્ટિ છે.
વૈખરી, મધ્યમા અને પશ્યંતી - એ ત્રણ વાણી છે.
જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ - એ ત્રણ અવસ્થા છે.

પ્રણવની એ ત્રણ માત્રાઓનો જે રીતે
અર્ધમાત્રામાં લય થાય છે, તે 'લયયોગ' કહેવાય છે.

સકલબ્રહ્મ = જીવ(જંતુ)ના આત્મા નિજ આત્મસ્વરૂપ છે
અને તેવા આત્મબ્રહ્મનો સાર ૐકાર રૂપ શબ્દબ્રહ્મ છે.
તેમ સમજે, તો તે પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત-સિદ્ધ કરે.

સર્વ ગુણોના આગાર, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ દુઃખમુક્ત
જે જીવ, તે ઓંકારનો વાચ્ય છે.

ભગવાનમાં રહેલ પંચપરમેષ્ઠિઓના આદ્ય અક્ષરોના
યોગથી 'ૐ' બને છે, એનું તાત્પર્ય પણ
વિભિન્ન શક્તિઓ, ગુણો અને વિશેષતાઓના બોધક
પાંચ પદો દ્વારા જે બોધ થાય છે,
તે સર્વ અર્થ જેમાં રહેલો છે, તે ઓંકાર છે.

ઓંકાર અને આત્માની એકતાને જે જાણી લે છે,
તે આત્મજ્ઞ બની આત્મામાં પ્રવેશ કરે છે.

લય આત્મવિસ્મૃતિરૂપ છે, તે વડે પરમાત્મસ્મૃતિ પમાય.

અ = જાગ્રત, વૈશ્વાનર, આપ્તિ, પ્રાપ્તિ, આદિમત્ત્વ.
ઉ = સ્વપ્ન, તૈજસ, ઉત્કર્ષ, ઉભયત્વ.
મ = સુષુપ્તિ, પ્રાજ્ઞ, મિતિ, માપ, અપીતિ - લય.
તુર્ય = મન - વચનાદિ પર.

ૐ = અ + ઉ + મ એટલે...
અવિરત ઉપાસનામાં મનને લગાડવું તે.

## ૩ા માત્રાનું વિજ્ઞાન

| | | | | |
|---|---|---|---|---|
| અગ્નિ | વાક્ | સ્ત્રીલિંગ | અ માત્રા | ત્રણેય ઉપર અર્ધમાત્રા |
| વાયુ | મન | નપુંસકલિંગ | ઉ માત્રા | |
| ઈંદ્ર | પ્રાણ | પુલ્લિંગ | મ માત્રા | |

ઓંકારમાં અ-કારત્વ અદ્વૈત શાંતિમયત્વ છે. નિષ્કામ, નિર્વૈર, નિર્લોભ એવા શાંતિનો અનુભવ થાય છે, એ કારણે ત્રણ વાર શાંતિપાઠ કરવાનો વિધિ છે. જેણે પોતાના ૩ નેત્રથી કામ - ક્રોધ - લોભનું દહન કર્યું છે,

તે શાન્ત તેમની સાથે ઉપાસના કરીએ છીએ.

મારી પાસે ભયાસ્તિત્વ છે, માટે મારે ભયકર્મત્વ રાખવું પડે છે. એ રીતે શાંતિ એ નિર્ભયતાનું સાધન બન્યું છે. શ્રોત્રિયત્વનો સંગ્રહ ૐકારમાં, અવૃજિનત્વનો 'સત્'-કારમાં અને અકામહતત્વનો સંગ્રહ 'તત્'કારમાં થઈ શકે છે.

| | |
|---|---|
| અ = શ્રોત્રિયત્વ | મનમાં જે હોય, |
| ઉ = અકામહતત્વ | તે વચનમાં કહેવું, |
| મ = અવૃજિનત્વ | તે સત્ય છે. |

સમસ્ત સંસારમાં લય, વિલય અને
અવસ્થાપૂર્વક સંપૂર્ણ કાર્ય થાય છે, તેમાં
પરમાત્માની સંનિધિમાત્ર કારણ છે.

ૐની પહેલી 3 માત્રામાં અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, કારણ
શરીર અને ચોથી માત્રામાં કારણ જગત ઉપરાંત
કારણ શરીરથી પણ પર કેવલ શુદ્ધ પરમાત્મતત્ત્વ છે.
શાંતિ એ ૐકારની ઉપાસનાનું સાધન, સ્વરૂપ અને
ફલ અથવા સાધ્ય - એમ ત્રણે સ્વરૂપે છે.

ૐકારમાં 'અકાર' માત્રા ઈંદ્રિયદમનને,
'ઉકાર' માત્રા દયા અર્થાત્ પરાર્થબુદ્ધિને અને
'મકાર' માત્રા દાનને કહે છે, તેથી
હિંસાનું અસ્તિત્વ, કર્તૃત્વ અને પ્રેરકત્વ નાશ પામે છે
અને અર્ધમાત્રાથી પરિપૂર્ણ 'શાન્ત આત્મા' પ્રતીત થાય છે.
ત્રણે પ્રકારની હિંસા છૂટી જવાથી
'ન ઘાતયતિ' 'ન હન્તિ' 'ન હન્યતે'
એવું નિષ્કામ, નિર્વૈર, નિર્ભીક સ્વરૂપ પ્રગટ થાય છે.

## ૐકારમાં પાંચ વર્ણ

શ્યામ - વિદ્વેષણમાં, પરવાળાની કાંતિ - ક્ષોભણમાં,
પીત - સ્તંભન કર્મમાં, લાલ - વશીકરણમાં તથા
શ્વેત - કર્મઘાત કરવામાં.

આત્મા એ જ નવપદ, આત્મા એ જ પંચપરમેષ્ઠિ, આત્મા એ જ ઓંકાર અને આત્મા એ જ અર્હંકાર.

## પ્રણવના ધ્યાન બાદ સંભળાતો દિવ્ય ધ્વનિ

પંચનાદ પડે જે અનાહત ધ્વનિ સંભળાય છે અને જે સંગીતમય Harmonions melody હોય છે, તેને જ બાળ શબ્દોમાં 'દિવ્ય ધ્વનિ' કહેવામાં આવે છે. સાંભળવાની ક્રિયા થાય છે, ત્યાં સુધી તે શબ્દ-ધ્વનિ છે. અનાહતનાદ એ નિમિત્ત છે અને સાંભળનારો ઉપાદાન છે. ત્યાર પછી સાધક અહીં સત્-ચિત્ત-આનંદ એ ત્રણેની સમાપત્તિ રૂપ આત્માનું સ્વરૂપ માત્ર રહે છે,

જેને 'I am' અસ્મિતા માત્ર કહી શકાય.

પ્રણવના ધ્યાન બાદ આવો અનુભવ સ્વાભાવિક બને છે.

## ૐકાર એ જ પ્રણવમંત્ર.

सर्वेषां मंगलानां च बीजं प्रणव एव हि । અર્થાત્:

બધા મંગલોનું બીજ પ્રણવમંત્ર જ છે.

ॐकारः प्रणवो वेति सर्व मन्त्रेषु नायकः । અર્થાત્:

ૐકાર અથવા પ્રણવ એ સર્વ મંત્રોમાં નાયક છે.

તે ૐકાર અથવા તો પ્રણવમંત્ર જગતકારણરૂપ
પરમેશ્વર અથવા પરમાત્માના રહસ્યનામરૂપ છે.

તું ભલે 'ૐ'ને નહિ જાણતો પણ 'ૐ' તને જાણે છે.

અંતિમ વાસના ઈશ્વરના સ્મરણથી જાય છે. જો
ફલત્યાગપૂર્વક કર્મ થઈ રહ્યું છે, બુદ્ધિમાં સમત્વ છે
અને તમારા ચિત્તમાં ક્ષોભ નહિ,
તો પરમાત્માને ન બોલાવો, તો પણ આવશે.

જીવનના વાસ્તવિક સ્વરૂપ ૐકારમાં લીન થવા સાધના
કરવાની છે. દેહનો વિચાર માત્ર ન આવવો જોઈએ,
છતાં આવે તો પણ પ્રારબ્ધાધીન માનીને
મન ઉપર સંયમ પ્રાપ્ત કરતાં શીખવું જ જોઈએ.

ૐકારનો આકાર ચંદ્રમા જેવો હોવાથી
તેમાંથી અમૃતનો પ્રવાહ વહેવા માંડે છે.

એ પ્રવાહ જાણે દુઃખ રૂપી દાવાનળને બુઝાવવા માટે
જ ન હોય, વળી બારે સૂર્યના તેજ કરતાં વધારે
ઝળહળતો પ્રકાશપુંજ એમાંથી ફેલાઈ રહ્યો છે.
એવું ધ્યાન કરતાં કરતાં
ભૂત-પ્રેત-પિશાચ-શત્રુ-રોગ-શોક આદિ ઉપદ્રવો
જાણે ચીસ પાડીને ભાગી જાય છે.

આ ૐકાર - પ્રણવની ચંદ્રરૂપે ઉપાસના કરવામાં ૧૬
કળાઓ છે, જેમાંની ૧૫ કળા ક્ષય થાય છે અને ૧૬મી
અમૃતકળા જેનો નાશ થતો નથી, તે ઉન્મની કળા છે.


સૂર્ય રૂપે ઉપાસનાની ૧૨ કળાઓ છે અને
બારમી કળા એ ઉન્મની કળા છે.
આ ઉન્મનીની પ્રાપ્તિ માટે જે અનેક પ્રક્રિયાઓ છે,
તેમાં અષ્ટાંગ યોગ મુખ્ય છે.
પાંચ બહિરંગ અને ત્રણ અંતરંગ સાધન છે.


ઇંદ્રિયો અને મનથી પણ પર, એવા
ગૂઢતત્ત્વનું આહ્વાન કરવાનું સાધન કોઈ આકાર કે
રૂપ નહિ પણ 'તસ્ય વાચકઃ પ્રણવઃ ।' એનું નામ,
તેનો પ્રકટ કરનાર 'ઓં' નો ધ્વનિ છે.
ગુરૂમાં પરમ પ્રેમ અને પરાભક્તિ ઉત્પન્ન કરવાનું
પરમ અને ચરમ સાધન એક ઓંકાર છે.
નામમાં શબ્દ સિદ્ધિ - સમાધિ લાવવાનું જે સામર્થ્ય છે,
તેનો એક અંશ પણ અન્ય સાધનોમાં મળવો દુર્લભ છે.
'ઓં' પરમાત્માનું સર્વોત્તમ નામ છે, એમાં ઈશ્વરનું
સંપૂર્ણ સ્વરૂપ અને સર્વ ગુણો આવી જાય છે.
ઈશ્વર = ઐશ્વર્યવાન, પરમાત્મા = મોટા - મહાન આત્મા,
તેની સાથે અનંત જ્ઞાન, અનંત આનંદ કે અનંત શક્તિ
વગેરે વિશેષણોની જરૂર પડે છે, કિન્તુ 'ઓં' નામની
સાથે તેવા કોઈ જ વિશેષણોની જરૂર રહેતી નથી.
સર્વશક્તિમાન 'ઓં' નામમાં સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા,
પૂર્ણાનંદતા, અવિનાશિતા, સર્વવ્યાપિતાદિ ગુણો રહેલાં છે.

ॐ = અવ ધાતુ એટલે રક્ષણ કરનાર (સંસારસાગરથી).

ॐ = પુનરાગમન નિવારનાર – મોક્ષ આપનાર મંત્ર છે.

ॐનો અર્થ ધ્રુવ એટલે કે જેનો કદી નાશ ન થાય એવો પણ કરેલો છે. એવો ધ્રુવ અવિચલ તે પરમાત્મા જ છે, તેને 'ઉદ્ગીથ' અને 'પ્રણવ' પણ કહે છે.



સૃષ્ટિના આદિ કારણરૂપ નાદની ધ્વનિ જ ૐકાર છે.

ધ્વન્યાત્મક પ્રણવનો વર્ણાત્મક પ્રતિશબ્દ હોવાથી
શાબ્દિક ઓંકાર કે શબ્દાતીત પ્રણવ - બંને પૂર્વાપર સંબંધથી
ઈશ્વરવાચક હોઈ 'પ્રણવ' કહેવાય છે.
તે ધ્વન્યાત્મક હોવાથી તેનું કોઈપણ અંગ - મુખથી
ઉચ્ચારણ કરવા યોગ્ય નથી, કિન્તુ
માનસિક જાપથી પણ પર - કેવળ ધ્યાનની અવસ્થામાં
કે અંતઃકરણમાં પ્રણવ ધ્વનિ સાંભળી શકાય છે. એ
ધ્વન્યાત્મક પ્રકૃતિનો આદિ શબ્દ ઈશ્વરવાચક પ્રણવનો
વર્ણાત્મક પ્રતિશબ્દ ઉપાસનાકાંડની સિદ્ધિ માટે બતાવ્યો છે.
તે વર્ણાત્મક પ્રણવરૂપ પ્રતિશબ્દને ઓંકાર કહે છે.
વર્ણાત્મક ઓંકારના અ ઉ મ ત્ર્યક્ષર છે.
તે 3 અક્ષરોમાં ત્રિગુણાત્મક પ્રકૃતિ, 3 શરીર,
સુષુપ્તિ આદિ 3 અવસ્થા, અજ્ઞાન સહિત તેના અધિષ્ઠાતા
વિરાટ, હિરણ્યગર્ભ, ઈશ્વર, બ્રહ્મા - વિષ્ણુ - મહેશ અને
સૃષ્ટિ - ઉત્પત્તિ - વિનાશાદિનો સમાવેશ છે.

ૐ એ એક અક્ષરસ્વરૂપ બ્રહ્મનો ઉચ્ચાર કરતો, મારું સ્મરણ કરતો જે દેહને છોડતો જાય, તે પરમગતિ પામે.

ગૃહસ્થને એકલા પ્રણવનો જાપ નિષિદ્ધ છે.

સાધુને એકાગ્ર મનથી એકલાં પ્રણવનો જપ છ મહિના સુધી પ્રતિદિન નિયમપૂર્વક કરવામાં આવે, તો ચિત્તની શુદ્ધિ થઈને તત્ત્વસાક્ષાત્કારની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શ્રદ્ધા, સત્કાર, એકાગ્રતાદિ સહિત જાપ જ ફલીભૂત થાય. ૐની શ્રેષ્ઠતાનો લાભ જ સર્વ બુદ્ધિમાન પુરુષોએ શાસ્ત્રોના સારરૂપ વર્ણવેલો છે.

ૐકાર - પ્રણવને લગતી અમુક શ્લોકોક્તિ

- 'कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।'
- 'सर्वेषां मंगलानां च बीजं प्रणव एव हि ।'
- 'ॐकारः प्रणवो वेति सर्वमन्त्रेषुनायकः ।'
- ગજાનન આકૃતિ ઓંકાર એટલે ૐ.

ૐકારની વિશ્વતોમુખ પ્રતિમા એટલે 卐.

## 'પ્રણવ' એ શ્રેષ્ઠ ગાનમંત્ર

સૃષ્ટિનો સર્વ વ્યવહાર શાસ્ત્રાધારે ચાલે છે.
એ શાસ્ત્રોની સ્થૂલ ઉત્પત્તિ વૈખરી વાણીથી થાય છે.

### ચાર વાણી અને ૐ

વૈખરી મધ્યમાથી, મધ્યમા પશ્યંતિથી અને
પશ્યંતિ પરાથી ઉત્પન્ન થયેલ છે.
એ ચારે વાણી તેમ જ મનુષ્યની તથા
સૃષ્ટિની ૪ અવસ્થાઓનું 'પ્રણવ' એ સાંકેતિક ચિહ્ન છે,
માટે જ તે સૃષ્ટિમાં શ્રેષ્ઠ ગાનમંત્ર ગણાય છે.
ૐના જાપમાં શ્વાસ લેતી વખતે મનમાં ચિન્તવવું કે:
'જે પ્રેમસુધાના સાગર છે, તેમાં લીન થઈ જવું છે.
તે પ્રેમસાગરની લહરીઓ પોતામાં આવી રહી છે.'
પછી તે પ્રેમસાગરની લહરીઓને પોતામાં સ્થિર કરી
પછી શ્વાસ બહાર કાઢતી વખતે
ૐ ૐ ૐનો ઉચ્ચાર કરવો.
દૈવ તો દૈવ છે જ, પરન્તુ પુરુષાર્થ તે પરમ દૈવ છે.

પ્રણવના ધ્યાનથી સર્વ જગતના પ્રભુ અને
વિશ્વના નેતા ઈશ્વર પ્રસન્ન થાય છે.

સામે રહેલાં ૐકારને મસ્તકમાં જુઓ.

આત્મશુદ્ધિ માટે પહેલાં પ્રાણનું સંયમન કરી ચિત્તની
વિશુદ્ધિ કરવી. પછી ૐકારને શરીરમાં ધારણા કરવો,
પરમ અમૃતને ૐકાર રૂપે પોતાના શરીરમાં ભરી પછી
મંત્રમાં શરીરને રાખી ધાર ભાવવું.

પ્રણવનો ઉચ્ચાર કરતાં પોતાનું શરીર ત્યજે,
તે બ્રહ્મસ્વરૂપ અને કાળનો વિજેતા બને.

અગાઉ સત જ હતું અને તે જન્માદિનું કારણ છે,
કારણમાંથી ચતુર્વર્ણાત્મક અક્ષરબ્રહ્મ બન્યું,
તે ૐ એ બ્રહ્મ, જે બ્રહ્મજ્ઞાનનું એકમાત્ર સાધન છે.
એ વડે વિદ્વાનો પરમ અમૃતસ્વરૂપ સવિતાને જાણે છે.
બિન્દુ સહિત પ્રણવ પ્રભાતકાળના સૂર્ય જેવો છે.
બિન્દુની ઉપર શુદ્ધ સ્ફટિક સમાન નાદ છે.
ૐકાર એ પરબ્રહ્મને જોવાની આંખ છે.

ૐકાર શા માટે 'પ્રણવ' કહેવાય ?

પ્રાણાન્ સર્વાન્ પરમાત્મનિ પ્રણામયતીત્યેતસ્માત્ પ્રણવઃ।

અર્થાત્ : સર્વ પ્રાણોને પરમાત્મામાં એકાકાર કરે છે,

માટે તથા સર્વ પ્રાણોને પરમાત્મામાં

સ્થિર કરવા નમાવી દે છે, તેથી તે 'પ્રણવ' કહેવાય છે.

નાદમાંથી ત્રિગુણની ઉત્પત્તિ અને

સર્જન, સ્થિતિ, સંહાર રૂપ પ્રપંચ વિસ્તારે છે.

પ્રણવ એ ધ્વન્યાત્મક તત્ત્વ છે.

યોગી જ્યારે ભક્તિ અને યોગ વડે સામ્યાવસ્થામાં આવે,

ત્યારે તેના અંતઃકરણમાં પ્રણવનો નાદ સંભળાય છે.

ૐકારનો શબ્દ અતિ તાણું અને શબ્દ અતિ ઊંચો.

શબ્દ વડે જ પરમશબ્દ - પરબ્રહ્મનો પ્રકાશ મળે છે.

ૐમાં જે ૩॥ આવર્ત છે, તે કુંડલિનીના ૩॥ આંટા છે.

તેમાં પરમેષ્ઠિ ભગવંતોનો ન્યાસ છે, સ્થાપના છે.

તે વડે ૨૪ તીર્થંકરોનું ધ્યાન થાય છે.

ૐ = ઈશ્વરનું નામ છે, નિર્ભય, નિર્વૈર છે, સ્વયંભૂ છે.

## ૐના જાપથી આત્મધ્યાન

ॐ मित्येवं ध्यायथ आत्मानं, स्वस्ति वः,
पाराय, तमसः परस्तात् । - मांडूक्योपनिषत्

અર્થાત્: 'ૐ' એ પ્રમાણે આત્માનું ધ્યાન કરો.
તમારું કલ્યાણ થાઓ, અંધકારથી પાર પામો.

નાદ = અહંતાપ્રધાન ઇચ્છાશક્તિ.
બિન્દુ = ઇદંતાપ્રધાન ક્રિયાશક્તિ.
બંને શક્તિ એકબીજા સાથે જોડાયેલા છે.

ગતિ-સ્થિતિ-ક્ષેત્ર-કાળ એક જ શક્તિનાં જોડકાં રૂપ છે.
નાદ-બિંદુ પ્રકટ થતાં એક પ્રકારનો ક્ષોભ-કંપન થાય છે,
તેમાંથી એક ધ્વનિ નીકળે છે, તે વિશ્વમાં વ્યાપી જાય છે,
તેને જ 'પ્રણવ' કહે છે.

પ્રણવ = પ્રકૃતિની નવીન ઘટના અથવા
પ્રકર્ષપણે નવી ક્રિયાઓની જન્મદાતા.

શ્રદ્ધા વિના પણ પ્રણવનું નામસ્મરણ કરનારને
લાભ થયાનાં દૃષ્ટાંત છે, પછી શ્રદ્ધા જાગે છે.

## પ્રણવમાં નિહિત શું ?

પ્રણવના અ + ઉ + મ = શક્તિતત્ત્વના દ્યોતક છે,
અર્ધમાત્રા એ શાંત શિવં અદ્વૈતં - શક્તિમાનની દ્યોતક છે.
એકાંશમાં જડતત્ત્વ સમાય છે,
પરિહૃત અથવા નિવર્તિત છે.
તે પૂર્ણ - અખંડ તત્ત્વ અર્ધમાત્રાનું સ્વરૂપ છે.
વિશ્વમય અને વિશ્વાતીત તત્ત્વ પ્રણવમાં નિહિત છે.
પ્રણવના અકાર, ઉકાર અને મકાર દ્વારા સ્થૂલ,
સૂક્ષ્મ અને કારણોના તત્ત્વને ભેદીને ગુણાતીત, અખંડ,
અદ્રશ્ય તત્ પદાર્થની નિકટ જવાનો અવસર મળે છે.

## ૐકારનું ધ્યાન શા માટે કરવું જોઈએ?

દેહમાં જે પ્રાણાત્મક કે અક્ષર સંચારાત્મક ૐ સદા
ધ્વનિ થાય છે, તેમાંથી શબ્દબ્રહ્મ માતૃકા ઉદ્ભવે છે,
માટે તે ૐકાર પરમેષ્ઠિઓનો વાચક કહેવાય છે.
શબ્દબ્રહ્મ અક્ષર માતૃકા તે વાચક છે અને
પરમેષ્ઠિઓ તે શબ્દબ્રહ્મના વાચ્ય છે.

## નિત્ય ૧૨૦૦૦ પ્રણવનો જાપ શા માટે?

મંત્રનું અનુષ્ઠાન કરવાપૂર્વક ધ્યાન કરનારનો આત્મા
જ્યારે 'પોતે અરિહંત સ્વરૂપ છે'
એમ સંવેદન કરે, ત્યારે તે સર્વજ્ઞ બને છે.
જે સાધક સાધારણ રીતે દરરોજ
૧૨૦૦૦ પ્રમાણે પ્રણવનો જાપ કરે છે, તેને ૧૨ મહિનામાં
પરબ્રહ્મ - સૂક્ષ્મ પરાવાક્ એ આત્મસ્વરૂપ સ્પષ્ટ થાય છે.

ૐ એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ અને નાયક - રાજા છે.

જેમ અગ્નિમાં ઉષ્ણતા, જળમાં શીતતા, દીપમાં પ્રકાશકતા,
તેમ શબ્દમાં જે શક્તિ છે, તે તેના અર્થમાં રહેલી છે.
અર્થમાં જે શક્તિ હોય, તે શબ્દમાં ઉતરે છે.

ૐકારની ૪ માત્રા છે: अ, उ, म, अ.

'अ' નો વિશ્વ અને વિરાટ સાથે સંબંધ છે.
'उ' નો તૈજસ અને હિરણ્યગર્ભ સાથે સંબંધ છે.
'म' નો પ્રાજ્ઞ તથા ઈશ્વર સાથે સંબંધ છે.
'अ' નો પ્રત્યક્ ચૈતન્ય અને બ્રહ્મ સાથે સંબંધ છે.

ૐકારના જાપનું માહાત્મ્ય

નિત્ય ૧૨૦૦૦ સંખ્યા પ્રમાણે

ૐકારનો જાપ કરવાથી પાપનો છેદ અને
પરબ્રહ્મનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.
અપૂર્ણતા આવરણ છે, અંદર તો પૂર્ણ જ છે.
અપૂર્ણને પૂર્ણ કરવા માટે પૂર્ણ પાસે જવાનું છે.
ૐરૂપી પૂર્ણને શોધી પૂર્ણના સાંનિધ્યમાં રહેવાનું છે.
ૐકાર એ પુરુષ - સચ્ચિદાનંદ પ્રભાવ છે અને
હ્રીંકાર એ પ્રકૃતિ - માયા પ્રભાવ છે.
'વ્યાખ્યાન ટીકા'માં જણાવ્યા પ્રમાણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાં
મંત્રનો સંક્ષિપ્ત સાર નીચે મુજબ છે:

'ૐ હ્રીં નમઃ ।'

તેનો જાપ હંમેશા કરવાથી કાર્યકર બને છે.
જે નામ લેવાથી પાપ જાય, પ્રણામ કરવાથી દુઃખ જાય,
તે પાર્શ્વ પરમાત્મા છે, તેનો વાચક અક્ષર 'હ્રીં' છે.
'હ્રીં' એટલે... હરતિ પાપાનિ દુઃખાનિ ચેતિ હ્રીં ।

# પ્રણવોપાસના એટલે શું ?

પ્રણવ = પ્રાણ આપવાવાળી વસ્તુ - જીવનદાતા પદાર્થ.

પ્રણવ એ નામ છે, તેને રૂપની સાથે સંબંધ છે.

પ્રણવ = પરમાત્માનું નામ, વિશ્વતેજ = પરમાત્માનું રૂપ.

નામ અને રૂપ પ્રગટ થયાં, એ વ્યાકૃતાવસ્થા છે.

વ્યક્ત અવસ્થામાં એ નામ - રૂપના અનેક ભેદ થયાં.

સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી -
ઈત્યાદિ બધાનાં રૂપ અને નામ અલગ અલગ થયાં.

ૐ આત્માનું અને બીજું નામ એ શરીરનું નામ છે.

શરીરમાં જેના અસ્તિત્વથી જીવન અને
જેના નાશથી મરણ કહેવાય છે, તે મુખ્ય પ્રાણ છે.

એને પ્રત્યક્ષ કરવો તથા એના ધ્વનિને
રોમ - રોમથી ખુલ્લાં કાનો વડે સાંભળવો,
તે ૐકાર કે પ્રણવોપાસના છે. ત્યાં સુધી પહોંચનારને
માયાનો પડદો તૂટી જઈ નિજસ્વરૂપનું દર્શન થાય છે.

ૐકાર એ મંત્રસેતુનું કામ કરે છે.

સંતોને માટે પ્રણવજપનું વિધાન છે. Dt. 16-6-69

રોજ બાર હજાર વખત પ્રણવમંત્રનો જપ જપે,

બારે માસ જપે એને નિત્ય જપે.

બ્રહ્મ - આત્મા તે ઓંકારોપાસનાનો આધાર છે,

શાંતિ = સ્વં તે સ્વરૂપ છે અને આનંદ = ફં તે ફળ છે.

પ્રણવ ધ્વનિ કેવળ ધ્યાન દ્વારા અનુભવ કરવા યોગ્ય છે.

યથાર્થરૂપથી મુખ દ્વારા એનું ઉચ્ચારણ થવું અશક્ય છે,

છતાં ગૌણરૂપથી એનું ઉચ્ચારણ ગ્રહણ કરાય છે.

સૃષ્ટિના આદિ કારણરૂપ કાર્યની ધ્વનિ ઓંકાર છે.

પ્રણવ ધ્વનિરૂપ ધ્વન્યાત્મક શબ્દનું રૂપ

વર્ણાત્મક પ્રતિશબ્દ છે, તે શાબ્દિક ઓંકાર છે.

ગી૦ ૮/૧૦માં કહ્યું છે:

મરતી વખતે હૃદયમાં ધ્યાન લગાવી ૐનું ઉચ્ચારણ સહાયક થાય છે. જે મનુષ્ય ભક્તિયુક્ત બનીને મરણ સમયે હૃદયમાં બ્રહ્મની સ્થાપના કરી નિશ્ચય મનથી શરીર છોડે, તે દિવ્યસ્વરૂપ પરમ પુરુષને પ્રાપ્ત થાય છે.

ૐ એક અક્ષર ૩૬૦ વાર ગણાય, ત્યારે એક પળ થાય.
૬૦ પળની ૧ ઘડી, તેથી
એક ઘડીમાં ૩૬૦૦ની સંખ્યામાં જાપ થાય.
વળી એક ઘડીના ઉચ્છ્વાસ - ૩૬૦ થાય, તેમાં એક
ઉચ્છ્વાસે પ્રણિધાનમાં ૧૦ ૐકારનો જાપ કરી શકાય.
એ રીતે પણ એક ઘડીમાં ૩૬૦૦ ૐનો જાપ થાય.
આ રીતે ૩॥ ઘડી એટલે ૧ કલાક ૨૪ મિનિટમાં
૧૨ હજાર ૐકારનો જાપ થઈ શકે.

ઓંકારમાં ત્રણ વર્ણો છે : अ, उ અને म.
अ = બ્રહ્મા, उ = વિષ્ણુ અને म = મહેશના આરાધનમાં
ક્રમશઃ સત્ત્વ, રજસ અને તમસની શક્તિઓ માનેલી છે.

ૐકારમાં પંચપરમેષ્ઠિઓ પણ અધિષ્ઠિત છે,
પાંચે પરમેષ્ઠિઓનું એક સાથે ધ્યાન કરવા
આ એકાક્ષરી મંત્રજાપનો ઉપયોગ થાય છે.
આમ ૐકારમાં ચોવીસે તીર્થંકરો સ્થિત છે અને
ૐથી ચોવીસે તીર્થંકરોનું પાંચ વર્ણો વડે ધ્યાન થાય છે.

## પ્રણવને પ્રણામ

સર્વ પ્રકારના મંત્રોનો આવિર્ભાવ અને તિરોભાવ ઓંકાર અને નમસ્કારમાં થાય છે, તેથી તે બીજમંત્ર છે. 'મંત્ર' એટલે વિચાર - મનન. 'તંત્ર' એટલે ક્રિયા. વિસ્તાર - વિચારપૂર્વકની યોજનાથી જ ફળીભૂત થાય છે.

## પ્રણવ નાદ અર્થે પરમાત્માનો પરિચય

પ્રાણની શ્વસનક્રિયામાંથી ઓંકારનો જે અસ્પષ્ટ નાદ - ધ્વનિ બહાર આવે છે, તે નાદબ્રહ્મ કે શબ્દબ્રહ્મ છે. મંત્રનું મધુર સંગીત જેમ ગાયકને જગાવે છે, તેમ આ ધ્વન્યાત્મક પ્રણવ નાદ પ્રાણીમાત્રની અંદર બિરાજેલા પરમાત્માનો પરિચય આપે છે.

પ્રણવ એક ધ્વન્યાત્મક તત્ત્વ છે. સાધ્ય અવસ્થામાં પ્રણવનો ધ્વનિ યોગીપુરુષો તથા ભક્તજનોને સંભળાય છે. મુખ્યત્વે તે ચિત્તવૃત્તિઓ વડે જ સંભળાય છે. ધ્વન્યાત્મક પ્રણવમાંથી વર્ણાત્મક પ્રણવની ઉત્પત્તિ થયેલી છે, તેથી તેને પણ પ્રણવ સંજ્ઞા પ્રાપ્ત થયેલ છે.

## પ્રણવ - ઓંકારની માત્રાઓનો અર્થ

અ = સત્વગુણ
ઉ = રજોગુણ } ત્રિમાત્રા
મ = તમોગુણ

ઁ = અર્ધમાત્રાથી ઉત્પન્ન થતો અનુનાસિક ધ્વનિ આત્માના શુદ્ધ સ્વરૂપનો દ્યોતક છે, જે અંતમાં ઈશ્વરના નિનાદની જેમ બ્રહ્મમાં લય પામી જાય છે. આમ કુંડલિનીના સાડા ત્રણ આંટા - સાડા ત્રણ માત્રાના આધારે. તેને અનાહત નાદ પણ કહેવાય છે.

ૐકાર એ જપનું ધનુષ્ય છે, શુદ્ધ જપ એનું બાણ છે. પરબ્રહ્મ એ તાકવાનું નિશાન છે.

જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ સઘળું ૐકારથી.

અ = જ્ઞાન, Cognition, knowledge, thought.

ઉ = કર્મ, Conation, action, will.

મ = ભાવના, effect, motion.

સૌ પહેલાં ઓંકારનું ઉચ્ચારણ નિત્ય આવશ્યક છે.

'अंततो गत्वा ब्रह्मरूप परा जाति ।'

સર્વ શબ્દો અંતે એક જ તત્ત્વના વાચક છે.

<u>સમસ્ત વિશ્વ ૐકારનું વ્યાખ્યાન છે અને
આ એક જ શબ્દનું પૂર્ણ જ્ઞાન મુક્તિને આપે છે.</u>

શબ્દ આકાશના ગુણરૂપે તેમ જ સર્વ શબ્દાર્થો પણ પદાર્થોના બીજરૂપે સર્વવ્યાપી અને અનંત છે તથા તેના પોતાના વિશિષ્ટ રૂપમાં પણ શબ્દ સર્વવ્યાપી છે, એમ કેટલાક પણ આજે કહી રહ્યા છે.

## પ્રણવ મંત્રની સાધના શા માટે?

आलौकिकेनोपलम्भेन मुनित्वेन च साधितः ।
रत्नत्रयमयो ध्येयः प्रणवः सर्वसिद्धये ॥ અર્થાત્:

આ લૌકિક, ઉપલભ્ભ અને મુનિત્વ, એ ત્રણેથી સાધિત રત્નત્રયમય પ્રણવ મંત્રને સર્વ સિદ્ધિ માટે ધ્યાવવો.

ॐकारमाद्यं परमात्मरूपं, संसारनाशे च समर्थमन्त्रम्।
अत्यच्युतं प्राप्यमजिन्मुक्तौ -
ध्यायेत् सदा देशिकवाक्यमानात् ॥

अमंत्रमक्षरं नास्ति |

અર્થાત્ : પ્રત્યેક અક્ષર ઓંકારનો એક મંત્રરૂપ છે.

ॐ प्राणो ब्रह्म, कं ब्रह्म, खं ब्रह्म |

આત્મા એ બ્રહ્મ ઓંકારોપાસનાનો આધાર છે.

શાંતિની પ્રાપ્તિ માટે ત્રણ સાધન છે: દમ, દાન, દયા.

કં = આનંદ = ઓંકારોપાસનાનું ફળ છે.

ખં = શાંતિ = ઓંકારોપાસનાનું સ્વરૂપ છે.

यो वै स धर्मः सत्यं वै तत् |

सत्ये सर्वं प्रतिष्ठितम् | ॐ खं ब्रह्म |

આ ત્રણ તત્ત્વ ઓંકારમાં એકત્ર થયેલ છે.

સાંખ્યયોગ = મન, ધ્યાનયોગ = બ્રહ્મ, કર્મયોગ = વાણી.

શાંતિ એ ઓંકારોપાસનાના ઉપાસ્ય દેવતા છે.

શાંતિ અને ઓંકાર ઓતપ્રોત રહેલા છે.

ૐકારથી શાંતિ - શાંતિથી ૐકાર અલગ કરી શકાતા નથી.

શબ્દબ્રહ્મ કે બૃહસ્પતિરૂપ ઓંકારની શરણાગતિ વિના

શાંતિના ધ્રુવતત્ત્વનો પત્તો લાગવો અસંભવિત છે.

ॐ is called a seed or Beej mantra.

All Beej mantras are the very quintessence of mantra.

Om is a vedic Beej, but it is the source of all other Tantric Beejas.

Mantra is thus thought-movement vehicled by & expressed in speech.

Its swarup is like all else, consciousness (चित्), which is [illegible].

The mere utterance of a mantra without knowing its meaning, (which viz manifests), is a mere movement of the lips.

ॐ = God.

I thank you for answering my prayer.

ૐકાર પંચ પરમેષ્ઠિવાચક છે અને બિન્દુ સહિત
શુદ્ધાત્માનો વાચક છે તથા શુદ્ધાત્મા તો નિષ્પક્ષ છે.
બિંદુ સહિત ૐકારનું લક્ષ્ય શુદ્ધાત્મા - તેનું મૂળ મોક્ષ છે.

જેણે આત્મા પ્રાપ્ત કર્યો છે,
એવા સત્પુરુષથી માંડીને પૂર્ણાહુતિ સ્વરૂપ સુધીને
ૐ સ્વરૂપ કહેવાય અને એથી અભાવ મુક્તિ થાય.
ૐ = નિરાકાર - નિર્ગુણબ્રહ્મ, અર્હં = સાકાર, સગુણબ્રહ્મ.
ૐકારના ઉચ્ચારણને અંતે શબ્દતત્ત્વનો અનુભવ થવાથી
નાદ દ્વારા સુષુપ્તિનું સ્વરૂપ સમજાય છે,
ત્યારે બ્રહ્મનાદ થઈ બ્રહ્મની ગતિ રોકાય છે.
જ્યારે નાદ એ સૌદરસ્વરૂપ મંગળમય બની
કેવળ ઓંકાર સ્વરૂપે જ ઉત્પન્ન થાય છે અને
વિકલ્પના અંશનો પણ સ્પર્શ રહેતો નથી,
ત્યારે બ્રહ્મગતિ રોકાય છે, મન વાસનારહિત થાય છે.

સંધ્યા = ૐ અથવા ૐકાર. તદ્રૂપ થવું. શારીરિક સંધ્યા
સાથે ગુરુએ નિર્દેશિત કરેલ સિદ્ધાંતોનું પ્રાયોગિક સંધાન.

## ૐની ઉપાસના

ગુણોથી પર થવાનાં અનેક સાધનોમાં બે મુખ્ય છે:
એક તો ગુણોથી પર અને ગુણોના સ્વામી એવા પરમ તત્ત્વની ઉપાસના અને બીજું રજોગુણ - તમોગુણની ભૂમિકાને પારખી અને તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન.

પહેલા ઉપાયમાં ૐની ઉપાસના છે.

ૐના આકાર અને ઉચ્ચારમાં પરમ રહસ્ય ભર્યું છે.

અહીં માત્રા દ્વારા ત્રિગુણાત્મક સૃષ્ટિ અને અર્ધ માત્રા દ્વારા ગુણાતીત બ્રહ્મનો સંકેત છે.

ૐનો જપ અને તેના ભાવાર્થનું ચિન્તન - એ બે પાંખો દ્વારા મનુષ્ય ત્રિલોકની સીમાઓને ઉલ્લંઘી શકે છે.

ૐકાર એ વાચક છે, તેનું વાચ્ય અમૃતાક્ષર રુદ્ર છે.
નાદબ્રહ્મમાં મહાદેવ છે, તેનું દર્શન એ મૃત્યુનું ઔષધ છે.

ૐકારનું ધ્યાન ધરતાં જે પ્રણવને જપે છે, તેના આત્મામાં મહાદેવ સતત પ્રકાશે છે. આ મહાદેવ જ યોગીઓના હૃદયમાં રહેલ સાક્ષાત્ આત્મા છે.

જૈન દર્શનમાં ગણેશની ઉપાસના કેમ ?
ગણેશની ઉપાસના એટલે આપણી અંદર
નિવાસ કરીને રહેલા જ્ઞાનાત્માની જ ઉપાસના છે.

ૐ = વેદોમાં પ્રતિપાદિત આદિસ્વરૂપ, એ સ્વસંવેદ્ય છે,
તે જ સકલ અર્થ અને બુદ્ધિને પ્રકાશિત કરનાર ગણેશ છે.
અકાર એ ગણેશના બે ચરણ છે,
ઉકાર વિશાળ ઉદર અને મકાર મોટું ગોળ મસ્તક છે.
અહીં એકત્ર થાય, ત્યાં ગણેશ જ પ્રણવ રૂપે રહેલાં છે.
શ્વાસોચ્છ્વાસે ૐનો ઉચ્ચાર થતો રહે,
ત્યારે આત્મજ્ઞાનના શ્રી ગણેશ મંડાય.
શ્વાસોચ્છ્વાસે ગણેશની સ્થાપના કરવી જોઈએ.
શ્વાસ એક પુષ્પ છે, તે આયુષ્યને માપતી માળા છે.
ૐના રટણ દ્વારા આત્મજ્ઞાનની સ્થાપના કરવામાં આવે,
તો શ્વાસની ચંચળતા કાબૂમાં આવી જાય.
જે શ્વાસ ઝડપી, અધૂરી, અનિયમિત અને આવેગ-
યુક્ત લઈએ છીએ, તે જીવનશક્તિને ઓછી કરે છે.

ૐ પરમેશ્વરનું નામ છે અને
પરમેશ્વર એ સર્વનો અંતર્યામી ભગવાન છે.
તે વિશ્વનંદન રામ વિશ્વરૂપ તથા વિશ્વાતીત પ્રભુ છે.
બ્રહ્મભાવોત્કટ સર્વ વસ્તુઓમાં મુખ્ય બ્રહ્મભાવોત્કટ
પ્રભુનું નામ છે, જે હૃદયના આકાશમાં છૂપાયેલું છે,
તે એક જ અક્ષરનું છે, તે સૌમાં રમી રહેલો રામ છે.
'સમગ્ર વિશ્વ હરિનામ છે' અર્થાત્
તે એક જ સર્વત્ર વિસ્તરેલો છે. 'હે પરમેશ્વર!
અમે મરણધર્મા છીએ અને તું અમૃતસ્વરૂપ છો.
અમે જ્ઞાનના ઉત્સુક છીએ, તું જાણનારો જ્ઞાનમય છો.
અમે અલ્પ છીએ, તું ભૂમા - વિશાળ છે.'
આમનન = વિસ્તૃત મનન.
નામનું કેવળ ઉચ્ચારણ કરવાનું નહિ પરંતુ
નામનું આમનન એ વિસ્તારથી ચિન્તન કરવાનું છે.
પ્રભુના નામનું ચિન્તન એ કેવળ બાહ્યક્રિયારૂપ નહિ,
કિન્તુ તે અંતઃશોધનનું સાધન છે.

ૐકારના ઉચ્ચારણને અંતે જ્યારે બહારનાં સર્વ સ્થાનનો
ઉપરામ થાય છે, ત્યારે પ્રાણની ગતિ રોકાઈ જાય છે.

અખંડ જ્ઞાનરૂપ આત્મા તે જ સાચું હૃદય છે.
જ્યારે ચિત્તને વાસના વિનાનું નિર્મળ કરીને
જ્ઞાનસ્વરૂપ આત્મામાં જોડવામાં આવે,
ત્યારે પણ પ્રાણની ગતિ રોકાઈ જાય છે.

આ પ્રકારના અભ્યાસને અંતે પ્રાણોની ગતિ બંધ પડતાં
મન શાંત થઈ જાય છે અને મુક્તિ અવશેષ રહે છે.

ૐકારનો દીર્ઘ ઉચ્ચાર શાંતિદાયક છે.

નાભિમાંથી જે પ્રાણ વહે છે, તે કમળના તંતુ જેવી
સૂક્ષ્મ આકાર ધારણ કરીને બ્રહ્મરંધ્ર સુધી જાય છે,
તેનું ચિન્તન કરવું જોઈએ અને
વાયુસંચાર ધીમા ગતિએ કરવો જોઈએ.

ૐકાર એટલે ભગવાનનું નામસ્મરણ.

ભગવાનનું નામસ્મરણ સર્વ પાપથી મુકાવનાર છે.
પ્રભુસ્મરણ કરનાર બાહ્ય - અભ્યંતરથી પવિત્ર છે.

'ૐ'માં સર્વશક્તિમત્તા છે. અન્યની સહાયતા વિના

'ૐ' સ્વયં પ્રકટે છે, માટે સર્વશક્તિમાન છે.

વત્સ અને પ્રણવનું અભેદચિન્તન થવું જોઈએ.

અભેદચિન્તન અભીષ્ટની સિદ્ધિ કરે છે.

ચંદ્રકલા એટલે બિન્દુ. બિન્દુપર્યન્ત ધ્યાનનું વિધાન છે.

આદિ અક્ષર 'અ' છે, અન્ય સર્વ અક્ષરોમાં 'અ' છે.

અક્ષરોમાં શબ્દ છે અને શબ્દોમાં જ્ઞાન છે.

બધા અક્ષરો અને શબ્દોને પ્રકાશક એવા

'અ'માં જ સર્વ જ્ઞાન સમાવિષ્ટ છે.

'અ' એ ૐકારનો આદિ અક્ષર છે, તેથી

તે સર્વજ્ઞ - સર્વદર્શી - પરમાત્મવાચક બની શકે છે.

'અ' વડે જ અન્ય વર્ણો, શબ્દો, શબ્દજન્ય જ્ઞાનની

ઉત્પત્તિ છે, તેથી તે પરમાત્માનું નામ છે. પ્રભુથી જ

જ્ઞાનની ઉત્પત્તિ છે, જ્ઞાનના આદિ સ્રોત પણ તે જ છે.

'અ'ની ધ્વનિની જેમ 'ક' તથા 'ટ'ની ધ્વનિ કંઠથી જ

નીકળે પણ સાથે સ્વર મળે, તો જ બોલી શકાય.

ૐકારમાં ૐ એ અક્ષર છે અને શબ્દ પણ છે.

'ૐ' એટલે 'ણ!' એ ઈશ્વરનું ઉચ્ચારાત્મક રૂપ છે.

ઈશ્વર કેવો છે? સાકાર છે? ણ. નિરાકાર છે? ણ.

સગુણ છે? ણ. નિર્ગુણ છે? ણ.

બધા પ્રશ્નો પોતાના પેટમાં સમાવી લેનારું વ્યાપક,
વિશાળ તથા ભવ્યરૂપે જે છે, તેનો વાચક ૐ શબ્દ છે.

ભાવાવસ્થા કેળવવાને - મેળવવાને સારૂ

ૐ શબ્દ એ ભાવનીય છે - ભાવવા યોગ્ય શબ્દ છે.

ૐકારની ૪ માત્રા છે: અ, ઉ, મ, અ.

'અ'નો વિશ્વ અને વિરાટ સાથે, 'ઉ'નો તૈજસ અને
હિરણ્યગર્ભ સાથે, 'મ'નો પ્રાજ્ઞ તથા ઈશ્વર સાથે
અને 'અ'નો પ્રત્યક્ ચૈતન્ય અને બ્રહ્મ સાથે સંબંધ છે.

ઓંકાર યોગાત્મક છે - અર્હંકાર ઉપયોગાત્મક છે.

ૐકાર સૂર્યના સ્થાને - અર્હંકાર એ ચંદ્રના સ્થાને છે.
સૂર્ય એ સ્વપ્રકાશક છે તથા ચંદ્ર એ પરપ્રકાશ્ય છે.
આત્મસૂર્યનો પ્રકાશ પામી જડરૂપી ચંદ્ર પ્રકાશ્ય બને.

# ૐ એટલે ઈશ્વરનું સ્વરૂપ

'तज्जपस्तदर्थभावनम् ।'

પ્રણવનો જપ કરવો તેના અર્થની ભાવના = ધ્યાન.
અહીં ભાવનાનો અર્થ ચિત્તને સર્વ બાજુથી નિવૃત્ત કરી
કેવળ ઈશ્વરમાં સ્થિર કરી દેવું તે છે.

આ ભાવનાથી અવિદ્યાદિ ક્લેશ, સકામ કર્મ, કર્મફળ, વાસનાઓના સંસ્કાર, જેનું ફળ જન્મ - મૃત્યુ છે, તે સ્વચ્છ થઈ સાત્વિક શુદ્ધ જ્ઞાનના સંસ્કાર ઉદય પામે છે. વારંવારના અભ્યાસથી એ ભાવના એટલી દૃઢ થઈ જવી જોઈએ કે જેમ ગાય શબ્દના ઉચ્ચારણથી તેનું સ્વરૂપ સામે આવી જાય છે, તેમ ૐ શબ્દની સાથે તેના અર્થરૂપે ઈશ્વરનું સ્વરૂપ તુરત સ્મરણપથમાં આવી જાય. જપ - ઈશ્વર ભાવનારૂપ ધ્યાન સાથે ચાલવા જોઈએ. આ પ્રકારના પ્રણિધાનથી સમાધિલાભ શીઘ્ર થાય છે.

જે પ્રકારે શરીરના સંબંધથી આત્મા કહેવાય છે, તેમ સંપૂર્ણ જગતના સંબંધથી પરમાત્મા સમજી શકાય છે.

ઓઙ્કાર = ઓંકારની સાધના = નાદ - બિંદુ સાધના.

આ સાધનાથી શિવત્વ પ્રાપ્ત થાય છે.

ૐ is the voice of silence.

ૐ ऽर्हं પરબ્રહ્મના દ્યોતક - પંચ પરમેષ્ઠિના વાચક છે.

ૐનું સ્મરણ એ લીનાનું અંતર છે.

ૐકારના ઉચ્ચારણને અંતે શબ્દતત્ત્વનો અનુભવ થવાથી
વાણ દ્વારા સુષુપ્તિનું સ્વરૂપ સમજાય છે,
ત્યારે પ્રાણલય થઈ પ્રાણની ગતિ રોકાય છે.
જ્યારે વાણ એ સૌંદર્યસ્વરૂપ મંગળમય બની
કેવળ ઓંકાર સ્વરૂપે જ ઉત્પન્ન થાય છે અને
વિકલ્પના અંશનો પણ સ્પર્શ કરતો નથી,
ત્યારે પ્રાણગતિ રોકાય છે, મન વાસનારહિત થાય છે.

'ૐ તત્ સત્ ।' મંત્રમાં...

ૐ એ સગુણબ્રહ્મ (અક્ષર), તત્ એ
નિર્ગુણબ્રહ્મ (પુરુષોત્તમ), સત્ એ ક્ષર - તેનો અંશ છે.
ભક્તો માટે ૐ, જ્ઞાની માટે તત્, કર્મમાર્ગી માટે સત્.

જેના દ્વારા સર્વ જીવોની પ્રવૃત્તિ
પરમાત્મામાં લીન થાય, તે 'પ્રણવ' મંત્ર છે.

ૐકારમાં રહેલી સાડા ત્રણ માત્રા

ૐકાર ત્રણ ભૌતિક માત્રાનો અને
અર્ધી દિવ્યતા માત્રાનો બનેલો છે.

ત્રણ સ્થિતિ, ત્રણ વાણી, ત્રણ અવસ્થા સાથે 3 માત્રાનો સંબંધ છે. ત્રણેય પર રહેલ ½ માત્રા પરમપદને સૂચવે છે.

૧ સ્થૂલ - દૃશ્યમાન સ્થિતિ 'અ' માત્રારૂપે અભિપ્રેત છે,
૨ સૂક્ષ્મ - તૈજસ સ્થિતિ 'ઉ' માત્રારૂપે અભિપ્રેત છે,
3 કારણ - પ્રાજ્ઞ સ્થિતિ 'મ' માત્રારૂપે અભિપ્રેત છે.

આ ત્રણે સ્થિતિ અને દેહનો
છેવટે એક માત્ર પરમાત્મતત્ત્વમાં લય થાય છે.

અ વૈખરી - ઉ મધ્યમા - મ પશ્યંતી
આ ત્રણેનો લય પરાવાણીમાં થાય છે.

અ જાગ્રત - ઉ સ્વપ્ન - મ સુષુપ્ત
આ ત્રણેનો તુરીયાવસ્થામાં લય થાય છે.

## અર્ધમાત્રા એ શેનું દ્વાર ?

જ્યાં સૃષ્ટિ, જ્યાં ગુણ, જ્યાં અવસ્થા અને
જ્યાં વસ્તુ ભૌતિક છે, અર્ધમાત્રા અભૌતિક છે.
ભૌતિક અને ઇન્દ્રિયગમ્યમાંથી અભૌતિક તથા
અતીન્દ્રિયમાં જવા માટે અર્ધમાત્રા એ સેતુ બને છે.
સર્જનમાંથી સંહારમાં જવા માટે,
ગુણમાંથી ત્રિગુણાતીત થવા માટે,
ઉત્પાદ અને ઉત્પાદાતીત અવસ્થા પામવા માટે તથા
પરા અને અનાહતમાં જવા માટે અર્ધમાત્રા એ દ્વાર છે.
ૐ વગર મંત્ર નહિ, કાયોત્સર્ગ વગર ક્રિયા નહિ.
બિન્દુસહિત ઓંકારનો અર્થ શક્તિયુક્ત ઓંકાર છે.
શક્તિ means will to be, સંકલ્પયુક્ત અવસ્થા.

## ૐકાર મંત્રના જાપ શા માટે ?

મનરૂપી હાથીને વશ કરવા માટે ૐકાર અંકુશ સમાન છે.
ૐકારનું ધ્યાન ભવોભવનાં દુઃખોને છેદી શકે છે
તથા એનાથી આ જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય છે.

ૐ મંત્રના રટણ માટે શુચિતા જોઈએ, રામ માટે નહીં.
સાધકની ઉન્નતિ અર્થે તેનો જપ કરવા લાયક છે.
જાપ કરતી વેળા પ્રણવને ભ્રૂમધ્યમાં સાધવો જોઈએ.
અ-સિ-આ-ઉ-સા ને શરીરના જૂદા જૂદા અંગોમાં સ્થાપના
કરવા જોઈએ. 'સોહં'ના જાપને આપણા શ્વાસોશ્વાસની
નળીની સાથે અનવરત ભેળવી લેવો જોઈએ.
એક અક્ષર ૐના ધ્યાનથી જપ્યું વેદઅધ્યયન સાર્થક,
તે વિના જપ્યું નકામું. શુભાશુભ સંકલ્પોના સંસ્કારોનો
નાશ કરવા માટે 'ૐ તત્ સત્' એવો બ્રહ્મનિર્દેશ છે.
ૐ = શુભાશુભમય, તત્ = શુભાશુભથી પર, સત્ = શુભ.
ओं खं ब्रह्म : બ્રહ્મની અનંત વ્યાપ્તિમાં
આકાશનો હિસાબ નહિ, છતાં ઉપાસનાર્થે બોલાય.
ઓંકારની ત્રણ માત્રા = ભૂ: ભુવ: સ્વ:
ભૌતિક : પૃથ્વી - ભૂ:, અંતરિક્ષ - ભુવ:, સ્વર્ગ - સ્વ:.
દૈવિક : અગ્નિ - ભૂ:, વાયુ - ભુવ:, સૂર્ય - સ્વ:.
આધ્યાત્મિક : શરીર - ભૂ:, પ્રાણ - ભુવ:, બુદ્ધિ - સ્વ:.

ઓંકાર એ ઈશ્વરવાચક શબ્દ છે.

અ + ઉ + મ = સંસાર.

અર્ધમાત્રા = સ્વરસ્વરૂપ.

બિન્દુ = પ્રકૃતિ.

શાક્ત મતે બિન્દુ સ્વરસ્વરૂપ છે.

પ્રાણાન્ સર્વાન્ પરમાત્મનિ પ્રણામયતિ તસ્માત્ પ્રણવઃ।

- અથર્વશિરસોપનિષત્

અર્થાત્ જેના દ્વારા સર્વ પ્રાણવૃત્તિ પરમાત્મામાં લીન થાય, તે 'પ્રણવ' છે.

અહીં પીતાંબરા ઇષ્ટમંત્રને જ પ્રણવનું નામ આપ્યું છે.

ૐ - પુરુષ, સોઽહં - પ્રકૃતિ,

ૐ સોઽહં - હું પ્રકૃતિ પુરુષરૂપ છું.

અત્યારે પુરુષ પ્રકૃતિરૂપ છે,

એનું ધ્યાન સર્વ કોઈનું ચાલી રહ્યું હોય છે.

તેને પલટાવવા માટે પ્રકૃતિ પુરુષરૂપ છે

એનું ધ્યાન સતત થવું જોઈએ.

## ૐકાર અને પરમાત્માની ભક્તિ

'ૐ' સર્વ વાણીમાં ઓતપ્રોત રહેનારી શક્તિ છે. મંત્ર સમાન વાણીની મહાશક્તિ એટલે સત્યતા, પ્રિયતા અને હિતતા છે. ૐ મંત્રના વિહિત જાપથી મૈત્રી વધે, હૃદયશુદ્ધિ થાય, ચિત્ત પ્રસન્ન બને. શુદ્ધ હૃદય જ અધ્યાત્મવિદ્યાનો અધિકારી છે.

ૐ એ જ પંચપરમેષ્ઠિવાચક પદ છે.
તેને નમસ્કાર અને તેમની આજ્ઞાને નમસ્કાર
એ જ કર્મના ભીષણ બંધનમાંથી છૂટવાનો અનન્ય ઉપાય.

## ૐ થી 'નમો' સુધીની યાત્રા

'મો' અક્ષરને ઉલટાવવાથી ૐ ધ્વનિ પેદા થાય છે.
ૐ ધ્વનિને ઉલટાવવાથી 'નમો' પદ પ્રકટે છે,
કેમકે ન + ઓં મળીને ૐ આકૃતિ બનેલી છે,
તેથી ૐ અને 'નમો' બે પદાર્થ એક જ છે.
'ૐ નમઃ' મંત્ર પણ તેમાંથી જ ઉત્પન્ન થાય છે.
ૐ એ પ્રણવ, સર્વવ્યાપી, અનંત, શુક્લ,
સૂક્ષ્મ, વૈદ્યુત, જળ વગેરે શબ્દોથી પણ ઓળખાય છે.

હૃદયમાં મન છે, એ મનની મધ્યમાં ૐકારની અ માત્રા
(જાગ્રત અવસ્થા, સૂર્યમંડળ),
તેની ઉપર ૐકારની ઉ માત્રા
(સ્વપ્ન અવસ્થા, ચંદ્રમંડળ),
તેની ઉપર ૐકારની મ માત્રા
(સુષુપ્તિ અવસ્થા, વહ્નિમંડળ),
તેની ઉપર પરમ આકાશસ્વરૂપ બ્રહ્મનાદ - અર્ધમાત્રા
(ચતુર્થ - તુરીય અવસ્થા),
એની ઉપર સુષુમ્ણા નાડી આવેલી છે, જેના દ્વારા
ૐકારના સૂર્યાદિ મંડળો પણ વ્યાપ્ત છે.
સુષુમ્ણા = બ્રહ્મનાડી, તે મનનું રહેઠાણ છે.

अ + उ + म } જગ એ બ્રહ્મની છાયા છે,
अ + ह + म } अहं એ ૐની છાયા છે.

ओमित्येकाक्षरं ब्रह्म ध्येयं सर्वमुमुक्षुभिः ।
अर्धमात्रा समायुक्तं प्रणवो मोक्षदायकः ॥
प्रकर्षेण नूयते स्तूयते अनेन इति प्रणवः ।

## નવકારની સજ્ઝાય ૐ લગાડવો કે નહીં ?

આર્તધ્યાનમાં નિમગ્ન જનને
ૐપૂર્વક નમો અરિહંતાણં બોલવાયા છે,
તેઓ ધર્મધ્યાનની ભૂમિકા ઉપર આરૂઢ થવાના છે.
જેઓ ધર્મધ્યાનની ભૂમિકા ઉપર આરૂઢ છે, તેઓને
માટે ૐ વિના પણ 'નમો અરિહંતાણં' બોલવાયા છે.
સર્વ શાસ્ત્રોના વાચ્ય, લક્ષ્ય અને વ્યંગ્ય તથા તાત્પર્યરૂપ
અર્થ પરમાત્મા છે. તેનો વાચક શબ્દ ઓંકારરૂપ પ્રણવ છે.

વર્ણ માત્રનો સાર પ્રણવ છે.

સ્વાધ્યાયરૂપી માળાનો મેરૂ - મહાન્ પ્રણવાક્ષર છે.
પરમાત્માનું નામ સત્યનું પણ મહાસત્ય છે.
શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ હોય, તે જ પ્રણવનો પૂરો અર્થ
જાણીને પછી તેનું અર્થભાવન અને જાપ કરી શકે છે.
જાપ માટે સર્વોત્તમ - શ્રેષ્ઠ - પ્રભાવશાળી પ્રણવ મંત્ર છે.
એ જપથી ૩ પ્રકારના ક્લેશોનો નાશ અને ૪ પ્રકારના
પુરૂષાર્થોનો લાભ થાય. મોક્ષ ચરમ અને પરમ પુરૂષાર્થ છે.

## પ્રણવની ત્રણ વ્યસ્ત માત્રાઓ:

| | અકાર | ઉકાર | મકાર |
|---|---|---|---|
| વેદ ત્રિવર્ગ – | ઋક્ | યજુર | સામ |
| લોક ત્રિવર્ગ – | ભૂર્લોક | ભુવર્લોક | સ્વર્લોક |
| લોકતૃ ત્રિવર્ગ – | વિશ્વ | તૈજસ | પ્રાજ્ઞ |
| અવસ્થા ત્રિવર્ગ – | જાગ્રત | સ્વપ્ન | સુષુપ્તિ |
| ભોગ ત્રિવર્ગ – | સ્થૂલ | સૂક્ષ્મ | કારણ |
| ગુણ ત્રિવર્ગ – | સત્વ | રજસ | તમસ |
| દેવ ત્રિવર્ગ – | વિષ્ણુ | બ્રહ્મા | રુદ્ર |

આ ત્રિવર્ગો અથવા ત્રિપુટીઓ પરસ્પર સંકલિત રહેલ છે તથા તેમાં સમસ્ત પ્રણવની ચોથી (તુરીય) નાદમાત્રા અને ઈશ્વરપદ અને સદાશિવપદને લગતી પાંચમી (તુરીયાતીત) બિન્દુમાત્રા ગુંથાયેલી રહેલ છે.

જાપ પૂર્વે મંડલ – મુદ્રાદિ કરવાથી ઘણો લાભ થાય છે.

નાદ, બિંદુ, કલાદિ મંત્ર – તંત્રોનું વિશદ અને વિસ્તારપૂર્વક વર્ણન શારદાતિલક ગ્રંથમાં આવે છે.

## ત્રણ વાર 'ૐ શાન્તિઃ'નું ઉચ્ચારણ કેમ?

3 વૈદિક વિભાગ: આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક
દુઃખનો અંત પ્રકૃતિની ભાવનાથી જ અપેક્ષા આવે છે,
3 પૌરાણિક વિભાગ : લક્ષ્મી, શક્તિ અને
સરસ્વતીનું આહ્વાન છે. તેથી શાંતિમંત્રમાં ત્રણ વાર
ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ એમ ઉચ્ચારણ છે.

'ૐ હ્રીં શ્રીં ક્લીં નમઃ ।' મંત્રમાં...

ૐ પ્રણવ

હ્રીં માયા

શ્રીં લક્ષ્મી

ક્લીં કાલી

નમઃ ભક્તિ.

ભક્તિપૂર્વકનું કાલી, લક્ષ્મી, મહામાયા અને મહાપ્રણવનું
ૐ = પરમાત્માનું નામ, સ્મરણ = સર્વ સંપત્તિનું કારણ.
પ્રણવના જાપથી સર્વ અંતરાયોની નિવૃત્તિપૂર્વક
આત્મદર્શન થાય છે, એમ શ્રી પતંજલિ યોગ સૂત્રકાર કહે છે.

## ૐ અને ૪ ચક્ર

આજ્ઞાચક્ર = પંચતન્માત્ર - ઇંદ્રિય - ચિત્ત અને મનતત્ત્વ.
લલનાચક્ર = અહંકારતત્ત્વ. બ્રહ્મરંધ્ર શતદલ = મહત્તત્ત્વ
તથા સહસ્રારચક્ર = પરમાત્મતત્ત્વ.
હ = શિવ (શબ્દબ્રહ્મ), સ = શક્તિ (વર્ણબ્રહ્મ).
અ = નાદરૂપ, ઉ = બિંદુરૂપ, મ = કલારૂપ, ઓં = જ્યોતિરૂપ.

## ૐમાંથી અર્હની યાત્રા

ૐ એ સમષ્ટિની સાધના, હ્રીં એ વ્યષ્ટિની સાધના
તથા અર્હં એ પરમેષ્ઠિની ઉપલબ્ધિ છે.
અ = અધોલોક, ઉ = ઊર્ધ્વલોક, મ = મધ્યલોક છે.
હ્રીં જો ૐમાં સમર્પિત થઈ જાય તો જરૂર અર્હં પ્રગટે.
અર્થાત્ વ્યષ્ટિ જો સમષ્ટિ માટે જીવે તો પરમેષ્ઠિ બને.
ૐકારમાં ૩ અક્ષર છે: અ + ઉ + મ = અકાર, ઉકાર, મકાર.
એ ત્રણેનું સમાકલિત સંયોજન તે ઓમકાર થાય છે.
'સમાકલન' એટલે સરવાળો.
'સંયોજન' એટલે કોઈ ચોથી વસ્તુની ઉત્પત્તિ.

'અ' એટલે વાણી, 'ઉ' એટલે મન, 'મ' એટલે પ્રાણ.
આ ત્રણેના સંયોજનને યોગ વસ્તુ નોંધે છે, તે આત્મા.
જાગ્રત, સુષુપ્તિ અને સ્વપ્ન એ ત્રણ અવસ્થાઓનો
કરવાવાળો નહીં પણ એ ત્રણ અવસ્થાઓનો સંચાલક, પ્રેરક
અને સંરક્ષક તે ઓમ્કાર છે. જાગ્રતાદિ ત્રણ અવસ્થાઓનો
સંરક્ષક, મન અને પ્રાણનો પ્રેરક અને સંચાલક તથા
પૃથ્વી, અંતરિક્ષ તથા સ્વર્ગલોકનો આધાર તે ઓમ્કાર છે.
ૐકારની અકાર, ઉકાર, મકાર અને અમાત્ર - ૪ માત્રા છે
'પાદા માત્રા માત્રાશ્ચપાદા ।' પાદ - માત્રાનો અભેદ કર્યો છે.
વસ્તુના વિભાગને 'પાદ', શબ્દના વિભાગને 'માત્રા' કહે છે.
અકાર, ઉકાર, મકાર - એ ત્રણ માત્રારૂપ જે વર્ણ, તે
અવાસ્તવિક છે. માત્રા વિષે વ્યાપક અસ્તિ, પ્રિયરૂપ,
ભાતિ જે અધિષ્ઠાન ચેતન છે, તે અમાત્રા પરમાર્થરૂપ છે.
'અમાત્ર' એટલે જેની માત્રા અથવા વિભાગ ન હોય તે.
આ રીતે જે સ્વરૂપવાળો પ્રણવ, તેનું જે સ્વરૂપવાળા
આત્માની સાથે હરેક સાધક અભેદ ચિન્તન કરવું.

ૐકાર એ નિર્વિકાર, નિર્ગુણ, નિરાકાર બ્રહ્મનું પ્રતીક છે.
નિર્વિકાર ઓમ્ ઉચ્ચારવા માટે નિર્વિકાર થવું જોઈએ.
ઓમ્કારનું ચિન્તન કરીને જીવ પણ નિર્વિકાર જ બને છે.

જેમ મૃત્યુ એ અંતકાળ નહિ પણ પ્રયાણકાળ છે,
તેમ ઓમ્કાર એ નકાર નહિ પણ હકાર છે,
પરબ્રહ્મ ને દેખાડવાની વાત નહિ, કિન્તુ
આપણી ભીતર જ બ્રહ્મને જોવાની વાત છે.

## ૐના મંત્રજાપથી ઘડાતું જીવન

મંત્ર એ શબ્દાત્મક હોવા છતાં તેનું સામર્થ્ય વિલક્ષણ-અદ્ભુત હોય છે. તે વસ્તુશૂન્ય હોતો નથી. તોપના ગોળા કરતાં પણ તે બળવાન છે. તે જીવનને વળાંક આપે છે. મંત્રના પ્રભાવ-પ્રેરણાથી તદનુરૂપ જીવન આપમેળે ઘડાય.

આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા છે:

એક બ્રહ્મરૂપ થવું, તેમાં હઠ અંતરાયરૂપ છે.
બીજું પુરુષોત્તમમાં જોડાવું, તેમાં કુસંગ અંતરાયરૂપ છે.
તે બે ખોટ ૐના મંત્રજાપ દ્વારા ટાળવા.

શબ્દનિષ્ઠા પછી આગે નંબરે છે પ્રણવોપાસના.

બ્રહ્મનું પ્રત્યક્ષ પ્રણવ છે, જે વસ્તુતઃ શબ્દબ્રહ્મ જ છે.
શબ્દબ્રહ્મ એ જ ૐ અને ૐ એ જ સગુણ-નિર્ગુણબ્રહ્મ.
પ્રણવની ઉપાસના, સ્મરણ, મનન, નિદિધ્યાસન બ્રહ્મત્વના
બોધ દ્વારા શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સત્-ચિદ્-આનંદરૂપનો
સૌ સાધકના આત્માને સાક્ષાત્કાર કરાવે છે.

પ્રત્યેક અસ્તિનું લક્ષ્ય ભાતિ - ભાતિનું લક્ષ્ય પ્રીતિ છે.
અંગ્રેજીમાં પ્રત્યેક beingનું લક્ષ્ય becoming છે
અને પ્રત્યેક લક્ષ્ય bliss છે.

અસ્તિ beingને ભૂઃ કહે છે, ભાતિ becomingને
ભુવઃ કહે છે અને પ્રીતિ યા blissને સ્વઃ કહે છે.

| | | | |
|---|---|---|---|
| અસ્તિ | ભાતિ | પ્રીતિ | એ ત્રણેનો |
| being | becoming | bliss | એક જ |
| ભૂઃ | ભુવઃ | સ્વઃ | અર્થ છે... |

અને એ ત્રણેનો ૐમાં સમાવેશ થઈ જાય છે.
આમ 'ૐ' એ અસ્તિ, ભાતિ, પ્રિય સ્વરૂપ છે.

## ૐનું શરીરમાં સ્થાન

અ - કંઠ. ઉ - કંઠ અને ઓષ્ઠની વચ્ચેનાં સ્થાનોનો પ્રતિનિધિ. મ - ઓષ્ઠ. ૐ - બધી વાણીનું પ્રતીક છે.

## ૐકાર સાથે મંડલ, અવસ્થા, તથા વાણી

(૧) અ - ચંદ્રમંડલ, વૈખરીવાણી.

(૨) ઉ - સૂર્યમંડલ, મધ્યમાવાણી.

(૩) મ - અગ્નિમંડલ, પશ્યંતી વાણી.

(૪) ૦ - સર્વવ્યાપક બ્રહ્મ (અર્ધમાત્રા), તુરીય, પરાવાણી.

અ - વાણી - જાગ્રત - ભૂઃ ।

ઉ - મન - સ્વપ્ન - ભુવઃ ।

મ - પ્રાણ - સુષુપ્તિ - સ્વઃ ।

મંત્રના પ્રભાવથી તદ્નુરૂપ જીવન આપમેળે ઘડાય છે.

## ૐકાર અને ઉમા

ૐકારમાં અ + ઉ + મ મળીને 'ઉમા' શબ્દ થાય છે.
ઉમા = બ્રહ્મવિદ્યા. ઉમા શબ્દ ૐકારનું સૂચન કરે છે.

ૐકાર એ બ્રહ્મવિદ્યાના મંદિરનું ગર્ભગૃહ છે.

## ૐકાર અને શાંતિ

કામ, ક્રોધ અને લોભાતીત શાંતિ એ જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. ૐકાર એ ઉપાસનાનો ઉપાસ્ય દેવતા છે એટલે ૐકાર અને શાંતિ શબ્દ પર્યાયવાચી છે.

અ - અગ્નિ = વાણી - સ્ત્રીલિંગ.

ઉ - વાયુ = મન - નપુંસકલિંગ.

મ - ઇંદ્ર = પ્રાણ - પુલ્લિંગ.

ત્રણે માત્રાની પેલે પારની અર્ધી માત્રાને મેળવ્યા સિવાય સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત ન થાય.

3 માત્રા વડે ૐકારનું વિશ્વરૂપ દર્શન થાય છે.

અ = ઇંદ્રિયદમનનો ઉનાળો કામને કરમાવશે.

ઉ = દયાવૃત્તિનો શિયાળો ક્રોધને ઠુંઠવશે.

મ = દાનવૃત્તિનું ચોમાસું લોભને ધોશે.

ઇંદ્રિયો પ્રત્યક્ષ પ્રમાણ છે, મન અનુમાન પ્રમાણ છે તથા ૐકાર એ શબ્દપ્રમાણ છે.

ૐકાર કોઈનો વિનાશ કરતો નથી, વિનાશ પામતો નથી.

# શાંતિરૂપી નવનીત

ૐકારમાં અકાર વડે હું પૃથ્વી જેવો દૃઢ,
ઉકાર વડે હું અંતરિક્ષ જેટલો ઊંડો તથા
મકાર વડે હું સ્વર્ગ જેવો ઊંચો છું.
3 માત્રા વડે હું ત્રિભુવનવ્યાપી વિશ્વરૂપ છું અને
અર્ધમાત્રા વડે હું બ્રહ્મ લોકની પેલે પારનો,
બ્રહ્મ લોકને ઇચ્છા મુજબ આકાર આપનારો વિશ્વકર્મા છું,
તેથી વર્ણોનો મનમાં લય કરીને, નિષ્ક્રિય શાંત બેઠા
બાદ, પ્રાપ્ત શાંત વડે વિશ્વસંગ્રહ - લોક કલ્યાણનું મંથન
કર્યા સિવાય શાંતિરૂપી નવનીતનું દર્શન થતું નથી.

ૐકાર એક ગૂઢ સંજ્ઞા છે.
ૐકાર તો પરબ્રહ્મની જ એક વાઙ્મયી મૂર્તિ છે.
'વાઙ્મયી' એટલે વર્ણોમાં કંડારાયેલી.
વાઙ્મયી મૂર્તિની ઉપાસના કરવી અને
એમાં રહેલો સર્વ રહસ્યમય સંદેશો સમજી લેવો,
તે સર્વ સાધકોનું પરમ કર્તવ્ય છે.

અક્ષર = અવિનાશી પરબ્રહ્મ, તેનું પ્રતીક = ૐકાર.

ॐ इत्येकाक्षरं ब्रह्म, न ह्रस्वंनापि च दीर्घं च।

અક્ષરબ્રહ્મ એટલે ૐકાર. ૐ એકાક્ષરને જે ન જાણે, તે વેદ-વેદાંગ અને તર્ક-ન્યાયને જાણતો હોય, તો પણ અનુક્ષરનિરક્ષર છે અથવા અક્ષર એવા બ્રહ્મનો શત્રુ છે.

## ૐકારનું રસાયણિક સમીકરણ

ૐકાર = સકલ વેદોનો સાર, સર્વ શાસ્ત્રોની મૂર્તિ.

ૐકાર = રસશેખર સોમરસ. સોમ = સ ઉમા.

તપમાંથી કર્મ, કર્મમાંથી ભક્તિ અને ભક્તિમાંથી ૐકાર, તેથી ૐકાર એ સામવેદનો નિષ્કર્ષ-રસ છે.

ૐકારની 3 માત્રાઓ ઉપર અડધી માત્રા છે, તે વધારે ગૂઢતાવાળી છે, તેથી તેના ઉપર ત્રણેય માત્રાઓની કશી જ માત્રા-શક્તિ ચાલતી નથી. પૂર્વ પક્ષમાં 3 માત્રાઓ અને ઉત્તર પક્ષમાં સાડા ત્રણ માત્રાઓનું જે સમીકરણ ૐકારમાં છે, તે ગણિતના સમીકરણ જેવું નથી પણ રસાયણિક સમીકરણ જેવું છે.

પ્રણવની 3 માત્રા = 3 અવસ્થા

(૧) अ = જાગ્રતાવસ્થા = વ્યવહાર ભૂમિકા, પૃથ્વી.
આ અવસ્થા ભાનસૂચક છે.
अ = બાહ્ય, મન, પવન સહિત સર્વ ઇંદ્રિયો જાગ્રત.

(૨) उ = સ્વપ્નાવસ્થા = હવામાં વિલીન, અંતરિક્ષ.
આ અવસ્થા નિષ્કામસૂચક છે.
उ = મન, પ્રાણસહિત, સ્વપ્ન.

(3) म = નિદ્રાવસ્થા = દિવ્ય આનંદ, સ્વર્ગ.
આ અવસ્થા અદ્વૈત - આત્મસૂચક છે.
म = પ્રાણ, નિદ્રા.

ૐ = આત્મા.

ૐકારને 'પ્રણવ' કહે છે. પ્રણવ એટલે પ્રકૃષ્ટ સ્તુતિ.
3 માત્રા = 3 લોક ભૂઃ, ભુવઃ અને સ્વઃનો અનુભવ.
ઉપરના આ અર્થોની કલ્પના કાલ્પનિક નથી,
પરન્તુ તેની પાછળ ધ્યાન, દીર્ઘ ચિન્તન,
સતત પરિશ્રમ અને કૃતિનું અધિષ્ઠાનપણું રહેલું છે.

## ૐકારની અડધી માત્રાની ચિંતન

ૐ = આત્મા, ઈશ, સર્વસાક્ષી (તુરીય), એવો
અર્થ થાય પણ ૐકારની માત્ર 3 માત્રા ગણવાથી
આવો અર્થ ન થાય, કારણકે 3 માત્રાનો અર્થ જો
પૃથ્વી - અંતરિક્ષ - સ્વર્ગ કરીએ, તો
ૐકાર = ત્રણેનો સરવાળો 'ત્રણે ય લોક' થાય,
પરન્તુ 'ત્રણે ય લોક જેમાંથી નિર્માણ થયાં, તે ઈશ'
એવો અર્થ કેવી રીતે થાય? કેમકે
જગત સહિત જગદીશ એવો થઈ શકે નહિ, તેમ
3 માત્રાનો અર્થ જો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ કરીએ,
તો તે ત્રણેના સરવાળામાંથી
સર્વસાક્ષી એવી તુરીયાવસ્થા કેવી રીતે નીકળે? તથા,
3 માત્રાની વાક્, મન અને પ્રાણ એવા ચિંતન કરાવીને
પછી તેના સરવાળામાંથી 'આત્મા' અર્થ પણ ન નીકળે,
પરન્તુ ૐકારની 3 માત્રાથી વર્ણમાળાના
3 વર્ણરૂપ નહિ, પણ ધ્યાનની માનસિક ક્રિયા કરીને

ૐકારમાં પૃથ્વી, પાણી વગેરેની સ્તુતિ કરાવેલી છે.
૩ માત્રાઓના કેકાણે ૩ ભાવનાઓ છે.
તેનો સરવાળો ૐકારમાં નહિ પરંતુ ૩ માત્રાઓનો
સરવાળો કરી પછી તેની ભાવના કે ધ્યાન કરવાનું છે.
જેમકે બીજગણિતમાં
$x^2 + y^2$ અને $x + y^2$ એ બન્ને પદ એક નહિ.
$x$નો વર્ગ અને $y$નો વર્ગ કરી
તેનો સરવાળો કરવો તથા $x$ અને $y$નો સરવાળો કરી
પછી તેનો વર્ગ કરવો, એ બેમાં ફરક છે.
પહેલાં પદમાં ૨૫ + ૨૫ = ૫૦ થાય.
બીજા પદમાં ૫ + ૫ = ૧૦x ૧૦ = ૧૦૦ થાય.
ૐ = અ + ઉ + મ એટલે ૩ માત્રાનો સરવાળો,
એ જ ૐ નહિ પરંતુ એ સરવાળા ઉપરાંત
ૐની અડધી માત્રા વધુ છે, તેથી તેના ચિંતન વધે છે.
રસાયણશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન, ગણિત, જ્યોતિષ, ન્યાય,
વ્યાકરણાદિ શાસ્ત્રોથી મળતું વિશ્વના પદાર્થોનું જ્ઞાન,

તેનો સરવાળો એ વિશ્વજ્ઞાન કરાવનાર હશે;
એવું વૈજ્ઞાનિકોનું મંતવ્ય મિથ્યા છે, કારણકે
પદાર્થોના જ્ઞાનનો સરવાળો અને પદાર્થોના સરવાળાનું જ્ઞાન,
એ બંનેની વચ્ચે મોટી ખાઈ છે.
નખથી શિખ પર્યંત અવયવોના જ્ઞાનનો સરવાળો એ
અવયવીનું જ્ઞાન નહિ પણ અવયવી એથી અધિક છે.
વ્યષ્ટિના સરવાળા કરતાં સમષ્ટિમાં અડધી માત્રા વધે છે,
જ્ઞાન, કર્મ, ભક્તિ - ત્રણ યોગોથી અડધી માત્રા વધે છે.
તે જગત + જગદીશનું સમીકરણ કરે છે.
આ અડધી માત્રામાં બાકી ત્રણેય માત્રાથી વધુ પવિત્રતા છે.
3 માત્રાથી વિશ્વ અને
અડધી માત્રાથી તે શિવત્વનું બધું ગ્રહણ થઈ જાય છે.
આ અર્ધમાત્રાને 'તુરીય' પણ કહે છે.
આ અડધી માત્રાને નીચેના શબ્દોથી સંબોધી છે:
અવિરોધ વૃત્તિ, અદ્વૈતભાવ, મધ્યસ્થદૃષ્ટિ, અભેદભાવાદિ.
ૐ એ અનુજ્ઞાદર્શક અવ્યય નથી, એકાક્ષરસૂચક અક્ષર છે.

સર્વ સહિષ્ણુતાની ભરથી ન છૂટે તેમ - અભેદ સત્તા છે.
અદ્વૈત તત્ત્વ ઉપર અવિચળ દૃષ્ટિ રાખીને
અવિરોધાત્મક શાંતવૃત્તિને ચળવા ન દેવી અને
આત્મતત્ત્વના સ્વરૂપ માર્ગે જ
બ્રહ્મની ઉપાસના કરવી,
એવું સર્વ શાસ્ત્રોનું પહેલું અને છેલ્લું અનુશાસન છે.
શરીર અને મગજમાં શાંતિ - સંતુલન આપવા
ૐકારના નિત્ય જાપ કરવાનું વિધાન છે.
યૌગિક પ્રણાલિ મુજબ તો
ધ્વનિનું મૂળ જ ૐકાર છે,
તેથી તે શરીરના દરેક અંગાને
ઝડપથી કાર્યાન્વિત બનાવે છે અને
કરે છે સાધકના મગજને શાંત!
સ્ટ્રેસ તથા નેગેટીવ એનર્જી - જે સૌથી વધુ રોગો લાવે છે
અને તે બંનેને ૐકારના જાપ અંદરથી નિર્મૂળ કરે છે.
શાંતિ, સમતા, અવિરોધ વૃત્તિ, અદ્વૈત, અભેદ એકાત્મક છે.

## એવું અદ્ભુત વાજું કયું?

સર્વસાક્ષિણી, વિશ્વસંવાદી અને દેવી સરસ્વતીની
ૐકાર નાદિની તથા ૐકારના મંજુલ બોલ બોલનારી
આ અદ્ભુત વાજાનું નામ શાંતિ છે.

તેનું નિત્ય રોજ 3 વાર સ્મરણ કરવું જોઈએ.
ૐથી વચનસિદ્ધિ - જ્ઞાનસિદ્ધિ - ભાવનાસિદ્ધિ પ્રાપ્ત થાય.
તેના પ્રભાવે સદા કોમળચિત્ત અને શાંત અવસ્થા રહે.
ૐથી શક્તિ અને પ્રતિભાનું મૂર્તસ્વરૂપ પ્રાપ્ત થાય છે.
રાગ-દ્વેષ = દ્વૈતભાવ, તેનાથી પર આત્મભાવ = અદ્વૈતભાવ.
સોનું + સુગંધ કે દૂધ + સાકર = ૐ અને અર્હંનો સંબંધ.
ભાંગ પીધેલા મનુષ્યને છાશ પીવાથી જેમ નશો ઉતરી જાય,
તેમ સંસારની કલુષિત ભાવનાથી ખરડાયેલા આત્માની
શુદ્ધિ કરી સ્વસ્થતા મેળવવાનો મંત્ર 'ૐ અર્હં' છે.
પ્રતિરોમમાં જ્યારે ૐકાર ઓતપ્રોત થાય છે અને
આત્માના અર્હંનું સ્થાન જ્યારે અર્હં લે છે, ત્યારે
તે દરેક સકલ કાર્યની સફળતા તથા સિદ્ધિ થાય.

ૐકાર અને ઉદ્‌ગીથ ० 'ॐ मित्येतत् अनुस्वाक्षरम् ।'

'सर्वं खल्विदं ब्रह्म, तज्जलान्, इति शान्त उपासीत ।'

સર્વ કાંઈ 'તજ્જલાન્' હોવાથી બ્રહ્મરૂપ છે,

એટલે શાંત થઈને ઉપાસના કરવી.

તજ્જ = તેમાંથી જન્મેલ, તલ્લ = તેમાં જ લીન થનાર,

તદન = તેની શક્તિ વડે હલનચલન કરનાર.

'તજ્જલાનમ્'ને બદલે 'તજ્જલાન્' થયું.

સકલ જગત બ્રહ્મમાંથી ઉત્પન્ન થઈને તેની શક્તિથી ચાલે છે અને તેમાં જ લીન થઈ જાય છે. અર્થાત્:

'जायते, अनिति, लीयते ।'

બ્રહ્મ એ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે,

તેથી તેની શાંતવૃત્તિથી ઉપાસના કરવી.

ઉદ્‌ગીથ = ઉચ્ચ ગાન, ઉત્તમ સ્તુતિ.

उत् + गै = उद्गीथाक्षरमुपासीत ।

ઉત = ઉત્પત્તિ, ગીઃગૃ = ગળવું, થદ્‌સ્થા = રહેવું, ટકવું.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય.

ઉદ્ગીથના અક્ષરો તથા ૐકારની ૩ માત્રાઓ એક જ છે.
જગમાં ઉદ્ગીથ કે ૐકારસ્વરૂપ એક જ પિતાની સત્તાના
આ પ્રેમાળ શાસન હેઠળ રહેનાર પ્રજાજનોએ શાંતિથી રહેવું.

ૐકાર અથવા આ ઉદ્ગીથ શબ્દ
શાંતિ અને તેની પાછળનું અદ્વૈત સૂચવનાર છે.

'અપાપવિદ્ધ ૐકાર' કે મૃત્યુ જેનાથી દૂર છે, એવા દૂરનામ
ઉદ્ગીથ દેવની ઉપાસના કરવી જોઈએ. અવિરોધાત્મક
વૃત્તિ સહિત શાંતિથી તથા અદ્વૈતતત્ત્વ સહિત શાંતિની
ઉપાસના કરીને આમરણ સહિત શાંતિ પ્રાપ્ત કરવી.

ૐ અનુજ્ઞાક્ષર છે, તેથી
અવિરોધ non-resistance અથવા
શાંતિ - peace & bliss જ એનો ઉત્તમ અર્થ.
અનુજ્ઞામાં સમૃદ્ધિ આપોઆપ આવે છે.

ઓંકારની શાંતિમય ઉપાસનામાં જ પારમાર્થિક લાભ અને
ઐહિક સમૃદ્ધિ, શાંતિ, તુષ્ટિ તથા પુષ્ટિ ખચિત રહેલાં છે.
શાંતિ એ જ ભરપેટ અન્ન આપનારી અન્નપૂર્ણા છે.

## અર્ધ માત્રા અને મહસ્

અર્ધ માત્રાને 'મહસ્' પણ કહે છે.
તે જ ૐકારની સર્વપૂરક, સર્વસાક્ષિણી, સર્વસંવાદી તથા
સર્વાન્તર્યામી અર્ધમાત્રા છે.
મહસ્ યાને અર્ધ માત્રા યા તુરીયનાં જ ત્રણ પરિમાણો
ભૂઃ ભુવઃ સ્વઃ એ મહસ્ પરિમાણનાં જ અંગો છે.
મહસ્તત્ત્વને લીધે જ સર્વ પરિમાણોને મહત્ત્વ મળ્યું છે.

## અદ્વૈતાત્મક શાંતિ

ભૂઃ = તમોગુણ | ભુવઃ = રજોગુણ
સ્વઃ = સત્ત્વગુણ | મહસ્ = નિસ્ત્રૈગુણ્ય.

ओंकार एवेदं सर्वम् ।

ओंकार = अ + उ + म. તેમાં अ કાર વૈશ્વાનરરૂપ છે,
उ કાર તૈજસરૂપ છે અને म કાર એ પ્રાજ્ઞરૂપ છે.
ચોથો પાદ આત્મરૂપ, આનંદમય અને અદ્વિતીય છે.
આનંદ અને શાંતિ એ ૐકારોપાસનાના બે ફળ છે.
જ્યાં આનંદ અને શાંતિ, ત્યાં તુષ્ટિ-પુષ્ટિ હોય જ.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રણવનું સ્વરૂપ તે છે કે
જ્યાં કોઈ કાર્ય છે, ત્યાં અવશ્ય કંપન છે અને
જ્યાં કંપન છે, ત્યાં કોઈ શબ્દ - ધ્વનિ છે.

## વ્યષ્ટિ અને સમષ્ટિ

વ્યષ્ટિના સરવાળા કરતાં સમષ્ટિમાં અડધી માત્રા વધે છે,
જ્ઞાન, કર્મ, ભક્તિ - ૩ના યોગથી અડધી માત્રા વધે છે.
તે જગત + જગદીશનું સમાકરણ કરે છે.
આ અડધી માત્રામાં બીજી ત્રણેય માત્રાથી વધુ ચેતના છે.
3 માત્રાથી વિશ્વ ગ્રહણ થઈ જાય છે અને
અડધી માત્રાથી તે વિશ્વપ્રભુનું બધું ગ્રહણ થઈ જાય છે.
અર્ધમાત્રાને 'તુરીય' પણ કહે છે.
આ અડધી માત્રાને નીચેના શબ્દોથી સંબોધી છે:
અવિરોધ વૃત્તિ, અદ્વૈતભાવ, મધ્યસ્થ દૃષ્ટિ, અભેદભાવાદિ.
ૐ એ અનુસ્વારદર્શક અવ્યય તથા ૐકારસૂચક અક્ષર છે.
સર્વ સહિષ્ણુતાની બહારથી ન છૂટે તેવી - અવ્યય સત્તા છે.
ૐકારના શબ્દો ગાયેલા અમર અને આનંદપદને પામે છે.

## 'ૐ તત સત' મંત્રમાં...

૦ ૐ = વ્યાપકબ્રહ્મ - ગુણ - અસ્તિત્વનો ભાવ.
ૐ = પરમાર્થ કે ઈશ્વરાર્પણ બુદ્ધિએ થતું કર્મ તે.
૦ તત = નિર્ગુણબ્રહ્મ - દ્રવ્ય - અકર્તૃત્વનું ભાન.
તત = પરાર્થ કે નિષ્કામભાવપૂર્વક થતું સદ્કર્મ તે.
૦ સત = શુદ્ધબ્રહ્મ - પ્રકૃતિ - ભિન્નત્વનું ભાન.
સત = સ્વાર્થ વિના નીતિ - વિવેકયુક્ત સત્કર્મ તે.

સત = ઈશ્વરનું વ્યક્ત યા સગુણ સ્વરૂપ છે.
તત = ઈશ્વરનું અવ્યક્ત યા નિર્ગુણ સ્વરૂપ છે.

તત = તે = દેખાય તે નહીં, દૃશ્યસૃષ્ટિથી પરેનું સ્વરૂપ.
'નેતિનેતિ' અભાવાત્મક આદેશનું ભાવાત્મક રૂપાંતર 'તત' છે.
તતથી તાત્ત્વિક અને સતથી સાત્ત્વિક સ્વરૂપ ગ્રહણ કરાય છે.
સાત્ત્વિક સ્વરૂપ સાધન છે, તાત્ત્વિક સ્વરૂપ સાધ્ય છે.

સત્કારથી ઓંકારની ત્રણ માત્રાઓ અને
તત્કારથી અર્ધમાત્રાનું ગ્રહણ થાય છે.

ત્રિમાત્રા એટલે સાંખ્યયોગ, ધ્યાનયોગ અને કર્મયોગ.

ૐ એ અનુકૂળતાપ્રદર્શક અવ્યય છે.

अवति इति ओं । આકૃતિ: ૐ રક્ષણકર્તા છે.

ૐ એ ઉચ્ચારણમાં સરળ, અર્થથી રક્ષણહાર,
ઉપાસનાની દૃષ્ટિએ ઓંકાર અને ફળની દૃષ્ટિએ
સ્થૂળથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં લઈ જાય છે,
અનંત એવા બ્રહ્મ-સ્વરૂપને પમાડે છે,
ચિત્તને વાસના અને વૃત્તિરહિત બનાવે છે,
વિષયપ્રવાહને અટકાવે છે તથા વિવેકપ્રવાહને વહેવડાવે છે.
બ્રહ્મઉપાસનાર્થે ૐ ઓંકારથી ચઢિયાતો કોઈ મંત્ર નથી.
બિંદુ સહિત ૐકારની ઉપાસના યોગાભ્યાસથી નિત્ય કરે છે.

ઈશ્વર - अ
જગત - उ } આની સાથે મનને જે જોડે, તે યોગ.
જીવ - म

એ જોડાયેલું ભાન યોગની પ્રક્રિયા વડે ઉપજાવ્યા બાદ
તેને કાયમની ભૂમિકારૂપ બનાવવા અભ્યાસ જરૂરી છે,
જેથી ભાનભૂમિકારૂપ - પ્રકૃતિરૂપ - Instinctરૂપ બને છે.

સ્વસ્તિ એટલે મંગલ, મંગલ એ જ પરબ્રહ્મનું સ્વરૂપ.

સ્વસ્તિક એ ૐકારની જ આકૃતિ છે - સ્વરૂપ છે.

સ્વસ્તિકની ચોકડીમાં ઊભી અને આડી રેખાઓની મધ્યમાંનું બિન્દુ તે શિવશક્તિ સામરસ્યનું પ્રતીક છે.

ૐકાર એકાકાર બ્રહ્મ છે. ૐકાર સ્વરૂપ ગણપતિ બધા દેવોનું અને પરબ્રહ્મનું ટૂંકમાં પ્રતીક છે.

તે આશિષ, ક્ષેમ, નિષ્પાપ, સુંદર અને મંગલસૂચક છે.

સર્વ દેવતાને આરાધવાનું સર્વ સંમત મંડલ છે.

તેમાં દેવતાનો વાસ છે. દેવતાનો તે મંગલમય વિગ્રહ છે.

## ૐકારના બે સ્વરૂપ

અ - ઉ - મ ત્રણ માત્રારૂપ વર્ણ તે અપરમાર્થરૂપ છે.

એ ત્રણ માત્રામાં વ્યાપક સદા જે

અસ્તિ-ભાતિ-પ્રિયરૂપ અધિષ્ઠાન-ચેતન તે પરમાર્થરૂપ છે.

ભગવતીબિંદુ 'મંડલવાસિની' કહેવાય છે અને

ભગવાનબિંદુ 'સંસ્થ' કહેવાય છે.

'બિંદુ' એટલે સર્વાનંદમય ચક્ર, બ્રહ્મરન્ધ્ર છે.

ઋષયો મન્ત્રદ્રષ્ટારઃ। ૐકારમાં પરબ્રહ્મનું વર્ણન કરતી માનવીય મનની અભિવ્યક્તિ થાય છે.

ૐકાર એ પરબ્રહ્મ છે અને પરબ્રહ્મનું પ્રતીક પણ છે.

નિર્ગુણ પરમાત્માના પર સ્વરૂપનું દ્યોતક ઓંકાર છે.

ૐકાર એ સાડા ત્રણ માત્રાનો બનેલો અક્ષર છે.

અ + ઉ + મ + અર્ધમાત્રા = ઓમાત્મા.

અર્ધમાત્રા ત્રણેના સહયોગનું અનુભૂતિસૂચક પ્રતીક છે.

અ - પૃથ્વી - ભૂઃ - ઉત્પત્તિ - વિશ્વ - આધિભૌ૦

ઉ - અંતરિક્ષ - ભુવઃ - સ્થિતિ - તૈજસ - આધિદૈ૦

મ - દ્યુલોક - સ્વઃ - લય - પ્રાજ્ઞ - આધ્યા૦

ત્રણ પ્રશ્નો : પરબ્રહ્મ છે? તે પ્રાપ્ય થઈ શકે છે? તેની અનુભૂતિ કરી શકાય છે?

આ ત્રણે પ્રશ્નનો ઉત્તર ૐ = ૐકારમાં આપ્યો છે.

ખોટો આશાવાદ કે કેવળ નિરાશાવાદ - તે બંનેની મધ્યમાં ઓંકાર છે.

સર્વ સાક્ષી તુરીય છે, તુરીય નામે ઓળખાય છે.

ॐ इत्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ॥
ओंकार प्रणवा देवाः ओंकार प्रणवाः स्वराः ।
ओंकार प्रणवं सर्वं त्रैलोक्यं सचराचरम् ॥ श्रुतिः

ૐ એ પ્રણવ એક અક્ષરને બોલતાં, મને યાદ કરતાં
જે શરીરને છોડતો જાય છે, તે પરમ ગતિમાં જાય છે.
ૐકારથી ધનાર દેવો છે, ૐકારથી ધનાર સ્વરો છે,
ત્રૈલોક્યમાં ચરાચર બધું ૐકારથી ધનાર છે.

પ્રણવ મંત્ર આખરે આટલો મહત્ત્વનો કેમ?

પ્રણવ મંત્ર સર્વ સત્યોનું કેન્દ્ર, સર્વ પવિત્રતાઓનું મૂળ
તથા સર્વ શુભ સંસ્કારોનું ભાજન છે.

ભક્ત જ્યારે ચિત્તમાં પ્રણવચિન્તન કરે, ત્યારે તદ્દાત્મ્ય
ભગવાન અંદર રહેવાથી પરમ તૃપ્તિકારક અમૃતરસનો
આસ્વાદ અનુભવે છે. તે અનુભવનો આસ્વાદ મેળવવા
માટે માત્ર અભ્યાસની જરૂર છે. એ અભ્યાસ માનસ
અથવા ઉપાંશુ કે વાચિક ભાષ્યજપની ક્રિયાથી થાય છે.

'તસ્ય વાચકઃ પ્રણવઃ ।' ૐના ૪ પાદ અને ૭ અંગ છે.
૭ અંગ = અ, ઉ, મ, નાદ, બિન્દુ, કલા, કલાતીત.
એમાં પ્રથમ પાંચ અંગ ક્રમથી સગુણરૂપ છે,
અંતિમ બે અંગ નિર્ગુણરૂપ છે.
જે રીતે શબ્દ દ્વારા અર્થનો બોધ થાય છે,
તે રીતે નામરૂપ ઓંકારની ઉપાસનાથી પરમાત્માના
સગુણ - નિર્ગુણ બંને લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય છે.
જે રીતે બિન્દુરૂપ પરાવાક્ સમસ્ત શબ્દોની જનની છે,
તેમ સમસ્ત અર્થરૂપ તત્ત્વોની પ્રકૃતિ માતા છે.
ૐની ઉપાસના માત્રાઓ દ્વારા છે.
અર્થભાવના સહિત વર્ણોથી જાપ કરવો જોઈએ,
તો એક માત્રાવાળા અકાર ઓંની ઉપાસના છે.
તેમાં સ્થૂલ શરીરનું અભિમાન રહે છે, તથા
સ્થૂલ શરીરના સંબંધથી આત્માની વિશ્વસંજ્ઞા છે,
તે ઉપાસક છે અને સ્થૂલ જગતના સંબંધથી
પરમાત્માની સંજ્ઞા વિરાટ છે, તે ઉપાસ્ય છે.

ૐના માનસિક જપમાં અકાર-ઉકાર બે માત્રાવાળા ૐની ઉપાસના છે. તેમાં સૂક્ષ્મ શરીરનું અભિમાન રહે છે.

સૂક્ષ્મ શરીરના સંબંધિત આત્માની સંજ્ઞા તૈજસ છે, તે ઉપાસક બને છે અને સૂક્ષ્મ જગતના સંબંધિત પરમાત્માની સંજ્ઞા હિરણ્યગર્ભ છે, તે ઉપાસ્ય બને છે. માનસિક જાપ સૂક્ષ્મ થઈને કેવળ ૐ રહી જાય, ત્યારે અકાર, ઉકાર, મકાર 3 માત્રાવાળા પૂર્ણ ૐની ઉપાસના છે.

અહીં કારણ શરીરનું અભિમાન રહે છે, એટલે કારણ શરીરના સંબંધિત આત્માની સંજ્ઞા પ્રાજ્ઞ છે, તે ઉપાસક થાય છે અને કારણજગતના સંબંધિત પરમાત્માની સંજ્ઞા ઈશ્વર છે, તે ઉપાસ્ય થાય છે. જ્યારે 3 માત્રાવાળી ધ્યાનરૂપ વૃત્તિ સૂક્ષ્મ થતાં થતાં નિરુદ્ધ થઈ જાય, ત્યારે અમાત્ર વિરામ રહી જાય છે. એ કારણશરીર તથા કારણજગત બન્નેથી પર અને શુદ્ધ પરમાત્મ પ્રાપ્તિરૂપ સ્વરૂપાવસ્થિતિ છે, જે પ્રણવમાત્રનું અંતિમ ધ્યેય છે.

<u>ઉપાસના કાંડની સિદ્ધિ માટે ૐકાર</u>

શાબ્દિક ઓંકાર અને શબ્દાતીત ઓંકાર, બન્ને પૂર્વાપર સંબંધિત ઈશ્વરના વાચક હોઈને 'પ્રણવ' કહેવાય છે.

પ્રણવ મુખ્યપણે ધ્વન્યાત્મક હોવાના કારણે તેનું કોઈપણ અંગ મુખથી ઉચ્ચારણ કરવાને યોગ્ય નથી, માત્ર માનસિક જાપથી પર કેવળ ધ્યાનની અવસ્થામાં અંતઃકરણની અંદર પ્રણવ ધ્વનિ સાંભળી શકાય છે.

ૐ ધ્વન્યાત્મક પ્રકૃતિનો આદિ શબ્દ
ઈશ્વરવાચક પ્રણવનો વર્ણાત્મક પ્રતિશબ્દ
ઉપાસના કાંડની સિદ્ધિ માટે બતાવ્યો છે.

એથી વર્ણાત્મક પ્રણવ પ્રતિશબ્દને ઓંકાર કહે છે. વાચક પ્રણવ તથા વાચ્ય ઈશ્વરને અનાદિનિત્ય સંબંધ છે. એ વર્ણાત્મક પ્રણવના માનસિકજપની પરિપક્વ અવસ્થા બાદ કેવળ ધ્યાનરૂપ પ્રણવાત્મક પ્રણવની ભૂમિમાં સાધક પહોંચી શકે છે, તેના પર પૂર્ણ અધિકારની પ્રાપ્તિ અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરવામાં સહાયક થાય છે.

'I am' શબ્દ પણ ૐનો જ સંકેત છે. 'ૐ' એ
આકાશવત્, નિરાકાર, સર્વજ્ઞ, પરિપૂર્ણ, બ્રહ્મસ્વરૂપ છે.
'ઓમકારં પરં બ્રહ્મ |' ધ્યેયો બ્રહ્મ સનાતનં |'
ઓમકાર 'ૐ' નામ એ આત્મિક સુવર્ણ સંપત્તિ છે.
સુવર્ણ વર્ણ એ પ્રસન્નતા, સ્વસ્થતા, નિરોગતાદર્શક છે,
શારીરિક, માનસિક, આધ્યાત્મિક લાભની નિશાની છે.
'ૐ' એ સ્વર્ગની સીડી છે, અપવર્ગનો માર્ગ છે.
અ = ઈશ્વર, ઉ = જીવાત્મા અને મ = માયા, પ્રકૃતિ.
ઈશ્વર અને માયાની મધ્યમાં જીવ છે.
જીવ માયાની સાથે મળે તો માયાધીન - સંસાર છે અને
ઈશ્વરની સાથે મળે તો માયાધીશ - મોક્ષ છે.
ૐમાં ઈશ્વર અને તેના ગુણો રહેલા છે.
જેટલા ક્ષેત્રમાં નામી, તેટલા ક્ષેત્રમાં તેનું નામ પણ રહે છે.
ૐનું ઉચ્ચારણ કરતી વખતે
કંઠમાં, જીભ ઉપર, કાનોમાં, મન, બુદ્ધિ, અંતઃકરણમાં,
અસ્થિ, મજ્જા, રોમેરોમમાં - સર્વત્ર તે રહેલો છે.

નિત્ય જાપ કરતી વખતે એમ વિચારવું કે:
'ૐના વાચ્ય પરમગુરુ મારા ઉપર પ્રસન્ન થઈ રહ્યા છે.'

મંત્રના વર્ણોનો જપ તથા અર્થનું ચિન્તન -
એ બે મળીને ફળને આપનાર થાય છે.

ૐ સંપૂર્ણ ધ્વનિઓનું - અને સંપૂર્ણ લિપિઓનું પ્રતીક છે.
ૐ એ ધનુષ્ય, મન એ બાણ અને બ્રહ્મ એ લક્ષ્ય છે.
એકાગ્ર ચિત્તરૂપી તીરથી બ્રહ્મરૂપી નિશાન વીંધાય છે.
જેમ તીર લક્ષ્યમાં લાગીને એકરૂપ થઈ જાય છે, તેમ
જીવાત્મા પરમાત્મા સાથે મળીને એકરૂપ થઈ જાય છે.

ૐ એ આત્માનું વાસ્તવિક નામ છે અને
સંસારસાગર પાર પામવાની નૌકા છે.

ૐ એ શાસ્ત્રોનો સાર છે અને મંત્રોનો પ્રભુ છે.

મહાકાલીની સ્તુતિ કરતાં સપ્તશતીમાં કહ્યું છે કે:
'ત્રિમાત્રા સ્થિતા ।' તથા 'માનુચ્ચાર્યા વિશેષતઃ ।' ૐ
3 માત્રાઓમાં સ્થિત છે પણ વિશેષરૂપથી તે માત્રા છે,
કે જે અનુચ્ચાર્ય છે, એ વાસ્તવિક ભગવન્નામ છે.

શૂન્ય, મહાશૂન્ય, બ્રહ્મ - સમાનાર્થવાચી છે.

શૂન્યપુરાણ તથા ધર્મગીતા નામના ગ્રન્થોમાં...

'ૐ શૂન્યબ્રહ્મણે નમઃ ।' એ મંત્ર છે.

ૐ એ અનુસ્યૂતતા પ્રદર્શિત કરેલ છે.

'અવતિ ઇતિ ઓં ।' ૐ રક્ષણકર્તા છે.

ૐ એ ઉચ્ચારણમાં સરલ, અર્થાત્ રક્ષણહાર,

ઉપાસનાની દૃષ્ટિએ ઓંકાર અને ફળની દૃષ્ટિએ

સ્થૂલથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં લઈ જાય છે.

તે અનંત એવા બ્રહ્મસ્વરૂપને પમાડે છે,

ચિત્તને વાસના અને વૃત્તિરહિત બનાવે છે,

વિષયપ્રવાહને અટકાવે છે, વિવેકપ્રવાહને વહેવડાવે છે.

બ્રહ્મની ઉપાસનાર્થે ૐ ઓંકારથી ચઢિયાતો મંત્ર નથી.

સંસારભાવનાનાં વિષ બીજા કોઈથી નહીં,

જેટલું તે ઓંકારના જાપથી ઉતરી જશે.

અધ્યાત્મ = સોનાની ડબામાં રત્નો

અધ્યાત્મનો ઉદ્દેશ મનુષ્યના ચિત્તનું શુદ્ધીકરણ છે.

'ॐ खं ब्रह्म ।'

આકાશ જેમ શાંત, નિર્લેપ, અવિરોધ, સર્વવ્યાપી છે,

તેવું જ બ્રહ્મનું સ્વરૂપ છે.

'ॐ'નો અર્થ જેમ 'अवति' એટલે રક્ષણ છે તથા

'अनुराग' એટલે સંમતિ અથવા 'हाँ' છે, તેમ

શાંતિ અને અનાસક્તિ સ્વરૂપ છે.

કુદરતના ગણિતનું અનુમાન કરવાથી

શાંતિ અને સંવાદિતાનું સંગીત પ્રકટે છે.

તે સંગીત પ્રગટાવવા માટે બે ભ્રૂનાં મધ્યમાં

નાસિકા મૂળ સ્થાને ૐકાર મંત્રનું ધ્યાન ધરો. ત્યાં

આગળ આધ્યાત્મિક ઉર્ધ્વગામી પ્રવાહ ચાલે છે, તે પ્રવાહમાં

તણાવાથી સાચા આનંદનો અનુભવ આપોઆપ થાય છે.

જીવ પરના અનેક પ્રકારના મળને દૂર કરવો જોઇએ.

લોભનો મળ, આસક્તિ ભાવનો મળ, ક્રોધ-કલહનો મળ.

૨૦ વાર ઓંકાર કે ઇષ્ટમંત્રના જાપથી

જીવ તથા બુદ્ધિશોધન થાય છે.

प्रणवः प्राणिनां प्राणो जीवनं संप्रतिष्ठितम् ।
गृह्णाति प्रणवः सर्वकलाभिः कलयाच्छिवम् ॥१॥

<u>અર્થ</u>: પ્રણવ દ્વારા જ જીવન પ્રતિષ્ઠિત છે.
અકારથી લઈને ઉન્મના સુધીની ૧૨ કલાઓથી આ ૐકાર
પૃથ્વીથી લઈને શિવપર્યંત સમસ્ત તત્ત્વોને પ્રકાશિત કરે છે.
પરમાત્માકાર આત્માનું પરિજ્ઞાન તે નમસ્કાર છે.

<u>ૐકાર પરમાત્મવાચક - નમસ્કાર તત્પરિજ્ઞાતિવાચક.</u>
<u>ૐકાર પરમાત્મવાચક છે, નમસ્કાર અંતરાત્મવાચક છે.</u>

સમના પર્યંત પાશ - જાલનો વિસ્તાર છે અને
ઉન્મના મોક્ષપ્રાપ્તિનું દ્વાર છે. કાલનો સૂક્ષ્મ અંશ લવ છે.

<u>કમલપત્રોને સોયથી ભેદતી વખતે</u>
<u>એક પત્રને છેદવામાં જેટલો કાલ લાગે, તે લવ છે.</u>

લવને એક માત્રા ઉચ્ચારણકાલ કહ્યો છે.
બિંદુના ઉચ્ચારણકાલમાં ૧૨૮ લવ, અર્ધચંદ્ર ૬૪,
રોધિની ૩૨, નાદ ૧૬, નાદાન્ત ૮, શક્તિ ૪, વ્યાપિકા ૨
અને સમના ૧ છે, ઉન્મના કાલાતીત છે.

ૐ એ એકાક્ષર બ્રહ્મ અથવા નાદબ્રહ્મ છે.

વેદ અને વાણીનો આવિર્ભાવ ૐમાંથી થાય છે.

सर्वे वेदा यत्पदमामनन्ति, तपांसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति,
तत्ते पदं संग्रहेण ब्रवीमि॥ ॐ इत्येतत्। अर्थात्:

વેદમાત્ર જે પદ ગાય છે, તપસ્યામાત્ર જેનું રટણ કરે છે તથા જેની પ્રાપ્તિ માટે બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય સેવે છે, એ પદ સંક્ષિપ્તમાં કહું તો ૐ છે.

ૐકારને 'છન્દસાં વૃષભઃ।' અને 'વિશ્વરૂપઃ' કહ્યું છે.

ૐને 3 રીતે બોલી શકાય: હ્રસ્વ માત્રા = વચનસિદ્ધિ, દીર્ઘમાત્રા = કાર્યસિદ્ધિ તથા પ્લુતમાત્રા = દારિદ્ર્યનાશ.

મંત્રોચ્ચારણ એ મંત્રશૂળ, મંત્રવિલાપન એ લયશૂળ.

મંત્રચૈતન્ય = પ્રત્યક્ષમય નાદશક્તિનો આવિર્ભાવ.

માત્રા = હ્રસ્વાદિ સમના સુધી.

માત્રાતીત શુદ્ધ સ્વરૂપ = ઉન્મના.

અક્ષર = મોક્ષ, બ્રહ્મ = કૈવલ્ય.

ઓંકારને ઉદ્ગીથ, આદિ શબ્દ, પ્રણવ, સ્ફોટ, તાર, નાદ તથા પરા ઇત્યાદિ શબ્દોથી ઓળખાવાય છે. ઓંકારનું એક સેકંડમાં ૧૬ વખતથી કમ અને ૫૦ હજાર વખતથી અધિક કંપન થાય છે, તે શ્રોત્રેન્દ્રિયથી અગ્રાહ્ય છે, તેને ultra & suprasonic શબ્દથી સંબોધાય છે.

સુમેરપુર, પોષ વદી ૬/૧, તા. ૨૮-૧-૭૦, બુધવાર

(૧) ૐ - બ્રહ્મવાચક - ઉપનિષદ અ + ઉ + મ

ૐ - ઈશ્વરવાચક - યોગસૂત્ર અ + ઉ + મ

ૐ - પરમેષ્ઠિવાચક - જિનાગમ અ + ઉ + મ

ૐ - બ્રહ્માવિષ્ણુમહેશવાચક - પૌરાણિક અ + ઉ + મ

વમ વમ ઉ + અ + મ શૂદ્રાધિકાર.

ઉમા ઉ + મ + અ તાંત્રિક.

(૨) ૐ = શબ્દબ્રહ્મ - વૈયાકરણ.

ૐ = અનાહતનાદ - રાધાસ્વામી.

(સુરતાને શબ્દમાં પરોવવા)

ૐ = પરાવાક્ - શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપ, શાંત સમુદ્ર સમાન.

ૐને છાંદોગ્ય ઉપનિષદ્ ઉદ્ગીથ અથવા ભૂમા કહે છે.

'યો વૈ ભૂમા તત્સુખં, નાલ્પે સુખમસ્તિ ।'

અર્થાત્: અલ્પમાં સુખ નથી, સુખ ભૂમામાં છે.

આ ભૂમા સર્વત્ર પૂર્ણ અને સર્વથી પર છે.

જે આ ભૂમાને જાણે છે, તે પોતાના આત્માને જાણે છે.

ભૂમા = વિશાળ ચૈતન્ય.

'જે મહત્ ચેતના અનંત બ્રહ્માંડમાં વ્યાપ્ત છે,

એ માનવના અંતરમાં પણ રહેલ છે'

એવો આત્મવિશ્વાસ ઉદ્ગીથનું ગાન કરાવે છે.

ઉદ્ગીથ દ્વારા અનંતનું ગુણગાન સાંભળવાની તથા

એની સાથે સૂર મિલાવવાની શક્તિ

આપણને પરમ કૃપાળુ પરમાત્મા જ આપે છે.

ૐકાર એ નિર્ભય બ્રહ્મ છે.

જેનું ચિત્ત નિત્ય ૐકારમાં સમાહિત રહે છે,

તેને નિકટ ભય જેવી વસ્તુ ફરકી શકતી નથી.

ૐકારનો જાપ સર્વ દર્શનોમાં પરમ મંગલ મનાય છે.

ૐકારની ત્રિમાત્રા દેહ, બ્રહ્મ અને મનવાચક છે.
અર્ધમાત્રા તે ઉન્મની અથવા તુરીય અને
અમાત્ર તે અવ્યક્ત કે તુરીયાતીતાવસ્થા છે.
વચન, મન અને બ્રહ્મ અનુક્રમે
સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય છે તથા
તુરીય અરિહંત અને તુરીયાતીત સિદ્ધપદ કહી શકાય.
ૐકારમાં ૫ માત્રા : અ, ઉ, મ, અર્ધમાત્રા, અમાત્રા.
હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને અતિ સૂક્ષ્મ -
એમ પાંચ વિભાગ પણ પડી શકે, જે અનુક્રમે
સાધુ, પાઠક, સૂરિ, અરિહંત અને સિદ્ધવાચક ગણીને
ઓંકારનું ધ્યાન થઈ શકે. સાધુની સાથે દર્શનપદ,
ઉપાધ્યાયની સાથે જ્ઞાનપદ, આચાર્ય સાથે ચારિત્રપદ,
તથા અરિહંત અને સિદ્ધની સાથે તપપદ જોડાયેલું છે.
તપપદ શુક્લધ્યાન પર્યંત અને તેના પહેલાં બે પાયા
કૈવલ્યને તથા છેલ્લા બે પાયા નિર્વાણને આપનારા છે.
એ રીતે ૐકાર એ પંચ પરમેષ્ઠિ વાચક છે.

## ૐ એ શેનું પ્રતીક ?

ૐ એ બ્રહ્મનું પ્રતીક છે, ઉપરાંત
તે નિર્ગુણ નિરાકારનું શ્રુતિમંત પ્રતીક છે.
ૐની ઉપાસનાને તેથી જ 'પ્રતીકોપાસના' કહી છે.
આ પ્રતીકોપાસના એટલે...
નિર્ગુણ નિરાકારની ઉપાસના, શુદ્ધ બ્રહ્મની ઉપાસના.
આ પ્રતીકોપાસના કરવા માટેનો સાધક કેવો જોઈએ ?
ૐનો સાધક શુદ્ધ વૈરાગ્યવાન જોઈએ.
ૐનો એક અર્થ અનુજ્ઞા છે.
ૐની ઉપનિષદ્વિદ્યા કઈ ?
ૐમાં ત્રિમાત્રા છે: અકાર, ઉકાર અને મકાર.
તેમાં અકાર એટલે વાણી,
ઉકાર એટલે મન તથા મકાર એટલે પ્રાણ.
'એ ત્રણેય આત્મા પર છે' એમ જે સમજી ગયો,
તે ઓંકારને સાચી રીતે સમજી ગયો ગણાય.
આમ ૐ એ નિર્ગુણ - નિરાકારનું પ્રતીક છે.

વિચરતો, ફરતો, જપ કરતો, ૐની ભૂમિકામાં જ
સદા સ્થિર રહેતો ૐનો ઉપાસક છે.

બ્રહ્માકાર વૃત્તિમાં જ વિચરતો, બ્રહ્મ સાથે એકરૂપ થતો,
એકતાનતા અનુભવતો ઉપાસક ઓંકારની સાથે
'બ્રહ્મની સાથે હું ક્યારે સંલગ્ન થાઉં, જોડાઈ જઉં,
યુક્ત થાઉં ?' આ જપનિદિધ્યાસન કરતો કરી શકાય.
આ રીતે 'પ્રભુની અને મારી વચ્ચે એકતા છે'
એ વાત જ્યારે સ્થિર થાય,
ત્યારે મન, પ્રાણ અને દેહની વાસના મરી જાય છે.
વાણીથી મૌન, મનથી પર, પ્રાણથી ભિન્ન - એવી સ્થિતિ
અનુભવવી, તે ૐની - નિર્ગુણબ્રહ્મની સાચી ઉપાસના છે.
સાચો મૌની કર્મ કરે પણ તેના ફળમાં અનાસક્ત રહે છે.
મનમાં સેંકડો તરંગો - સંકલ્પો ઉઠે, તો પણ તેનાથી પર
રહી શકે છે, તેનું જ નામ મનને મારવાની તાકાત છે.
જે મનને મારી શકે છે, તે પ્રાણને પણ જીતી શકે છે.
આવી દશા પ્રાપ્ત કરવી, તે ૐકારની જપનિદિધ્યાસન છે.

ૐકારનો પરમ ઉપાસક આત્મનિવેદન કરે છે કે:

'ઓ ભગવન્! આ દેહ તારો છે, તારો સર્જેલો છે,
માટે જ વાણી, મન અને પ્રાણ પણ તારાં જ છે.
તું અને હું જો એક જ છીએ, મારાં મન, વાણી અને
પ્રાણ તારા જ છે. વિશ્વમાં ભાગની મારે શી જરૂર?
તારા વિશ્વમાં મારે હવે કાંઈ રહ્યું જ નથી.
હું તો તારા ૐ નામના પ્રતીક સાથે જ જીવન જીવું છું.'

જેણે અકાર, ઉકાર અને મકારનો સમન્વય
પ્રભુચરણે ધરી દીધો છે, તેને હવે
દેહનું, પ્રાણનું કે મનનું જીવવાનું પ્રભુના કાર્ય માટે જ છે.
વાણી પ્રભુનું કીર્તન કરવા, મન પ્રભુનું સ્મરણ કરવા
તથા પ્રાણ પ્રભુના કાર્ય માટે - મરી મીટવાને માટે છે.
ૐની ઉપાસનામાં ક્રિયા વડે કર્મ, વાણી વડે ભક્તિ
અને મનનું જ્ઞાન - એમ ત્રણેનો સમાવેશ થઈ જાય છે.
જ્ઞાનનું સાધન મન છે, ભક્તિનું સાધન વાણી છે અને
ક્રિયાનું સાધન પ્રાણ છે.

બ્રહ્મનું જ સ્થાન, બ્રહ્મની જ શક્તિ અને બ્રહ્મનું જ કાર્ય-
તે ૐની જીવનઉપલબ્ધિ, પરમાત્માનો હૃદયમાં પ્રવેશ છે.
'ૐ'ની ઉપાસના જેણે જીવનમાં ઉતારી છે,
તે સૂર્યની સમદર્શી અને સર્વદર્શી બની જાય છે.
સૂર્ય પોતાનો પ્રકાશ પાથરવામાં કશી ભેદભાવ કરતો નથી.
બ્રાહ્મણની કુટિરમાં અને ચાંડાલની ઝૂંપડીમાં,
સરોવર તથા ખાબોચિયામાં- તે સરખો જ પ્રકાશ પાથરે છે.
તેને મારું - તારું કાંઈ નથી અને તે સર્વસમર્થ છે.
આવો સમદર્શી, સમવર્તી અને સર્વ સમર્થ
ૐકારનો ઉપાસક ભગવાનના નિર્ગુણ - નિરાકાર
સ્વરૂપને પોતાના વ્યક્તિત્વમાં સાકાર બનાવે છે,
તેથી જ ભારતીય સંસ્કૃતિમાં
ૐકારને સર્વ વેદોનો સાર કહ્યો છે.
જેણે ૐકારને - અક્ષરબ્રહ્મને જીવનમાં ઉતાર્યો,
તે પોતે આ મર્ત્યલોકમાં જ અમર્ત્ય બન્યો,
અક્ષરસ્વરૂપ અથવા અમૃતસ્વરૂપ બની ગયો.

## ॐ = વિશ્વવ્યાપી ચેતનાનું પ્રતીક

'ॐ खं ब्रह्म ।' ઓંકાર એ આકાશની જેમ સર્વવ્યાપી શબ્દ છે, જે આદિબ્રહ્મના કંઠેથી સર્વ પ્રથમ ધ્વનિરૂપે પ્રકટ થયો હતો, એ જ ધ્વનિ સૃષ્ટિનો સર્જક છે.

सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीमि ओं ॥ - कठोपनिषद्

અર્થાત્: સંપૂર્ણ વેદ જે પદનું વારંવાર પ્રતિપાદન કરે છે તથા સમસ્ત તપ જેની પ્રાપ્તિનાં સાધન છે, જેની ઇચ્છાથી મુમુક્ષુઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે, તે પદને વિષે હું સંક્ષેપથી તમને કહું છું કે: તે પદ ॐ છે.

આ અક્ષર જ પર છે અને એ જ બ્રહ્મ છે.

એ જ ઈશ્વરનો વાચક પ્રણવ છે.

ગીતામાં કહ્યું છે કે:

'ॐ तत् सत् इति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।'

બ્રહ્મનો નિર્દેશ 'ૐ' 'તત્' 'સત્' ત્રણ પદથી થયેલો છે.
આ ત્રણે ય પદ રૂપી પરમાત્મા સૃષ્ટિમાં વ્યાપ્ત છે,
તેમાં 'ૐ' એ ગૂઢ સંકેત છે.
ૐથી કોઈ લૌકિક બોધ થતો નથી.
અલૌકિક, વૈદિક યા પારમાર્થિક કર્મોમાં
ઈશ્વરનું સ્વરૂપ સમજવા માટે તે એક અપૂર્વ સંજ્ઞા છે.
ગાયત્રી મંત્રના પ્રારંભમાં ૐ છે. अ + उ + म તેમાં
પ્રથમ બે સ્વર છે અને ત્રીજો અનુસ્વાર છે.
આ ત્રણે સ્વરોમાં અચિંત્યસ્વરૂપે તે પ્રકટ થાય છે.
ગાયત્રી મંત્રમાં ત્રણ મહાવ્યાહૃતિઓ છે,
તે પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોકને આવૃત્ત કરે છે.
આ ગાયત્રી મંત્રનો સાર તત્ત્વપ્રત્યક્ષરૂપે ૐ છે.
अ = અધોલોક - પૃથ્વી, उ = ઉર્ધ્વલોક - સ્વર્ગ તથા
म = મધ્યલોક - અંતરિક્ષ.
'अ' અને 'उ' સ્વર છે, એથી સમ છે. 'म' વ્યંજન છે,
એટલે अ - उ એ બે વર્ણથી વિષમ = અસમ છે.

સમસ્ત સ્વરો અને વ્યંજનોમાં 'અ' સમાયેલો છે.
'અ' સર્વવ્યાપક છે અર્થાત્ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત નહિ,
ત્યારે 'ઉ' હ્રસ્વ છે,
અ + ઉ = ઓ - એ દીર્ઘ અને પ્લુત છે.
'મ્' એ પણ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત કશું નહિ, નગણ્ય છે.
'અ' સર્વવ્યાપક બ્રહ્મ છે,
'ઉ' અલ્પ આત્મા છે અને 'મ્' એ માયા છે.
આત્મા એ બ્રહ્મ અને માયાની વચમાં સ્થિત છે.
સમસ્ત વિરાટ બ્રહ્માંડ ત્રણ વર્ણોમાં વિભક્ત છે:

અ = પૃથ્વી
ઉ = અંતરિક્ષ
મ્ = દ્યુલોક
} બ્રહ્માંડની અવસ્થાત્રયી આ ત્રણ વર્ણોમાં આવી જાય છે.

અકાર, ઉકાર અને મકાર
ઉત્પત્તિ, સ્થિતિ અને લયસ્વરૂપ
બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ છે.
ઓંકારના ઉચ્ચારણથી આ ત્રણેયનું આહ્વાન થાય છે.

अ = अवते, रक्षते ।

જગતની રક્ષા કરનાર સત્ત્વગુણયુક્ત વિષ્ણુવાચક.

उ = उध्यते, हन्यते ।

જગતનું હનન કરનાર તમોગુણયુક્ત શિવવાચક.

म = मन्यते, सृज्यते ।

જગતનું સર્જન કરનાર રજોગુણયુક્ત બ્રહ્માવાચક.

આ રીતે ઓંકારમાં વિશ્વના અનેક ત્રિકો આવી જાય છે.

अ = પૃથ્વી, બ્રહ્મા, વિરાટ, સૃષ્ટિ, સ્થૂળ, રજ.

उ = અંતરિક્ષ, વિષ્ણુ, હિરણ્યગર્ભ, સ્થિતિ, સૂક્ષ્મ, સત્ત્વ.

म = દ્યુલોક, શિવ, ઈશ્વર, સંહાર, કારણ, તમ.

ઓંકારની વિદ્યા એ અક્ષરવિદ્યા છે.

અ-ક્ષર = અવિનાશી, અ - વિનાશીનો ભાવ.

'ॐ मित्येकाक्षरं ब्रह्म ।'

ઓંકારની ઉપાસના બ્રહ્મની - અમૃતત્વની ઉપાસના છે.

મૃત્યુથી બચવું છે, તેમણે ઓંકારની ઉપાસના કરવી.

પ્રણવ વડે સાધકને અમૃતત્વની પ્રાપ્તિ થાય છે.

છાંદોગ્યોપનિષદમાં કહ્યું છે કે:

જે ઓંકારના અમૃતસ્વરૂપને જાણીને એના અર્થભૂત
અવિનાશી પરમેશ્વરની સ્તુતિ યા ઉપાસના કરે છે, તે
જ એકમાત્ર અમૃતરૂપ, સર્વદા, ભયમુક્ત અવિનાશી
પરમાત્માના સ્વરૂપભૂત આ સ્વરમાં પ્રવેશે છે.
પ્રણવ એ ધનુષ્ય, આત્મા એ બાણ, બ્રહ્મ એ લક્ષ્ય છે.

પ્રણવરૂપી ધનુષ્ય દ્વારા

આત્મારૂપી બાણથી બ્રહ્મરૂપી લક્ષ્યનું જે વેધન કરે છે,
તે આત્મા જીવનના ધાર્યા ધામે પહોંચીને વિશ્વવ્યાપી
ચેતનામાં પોતાને વિલીન કરી સ્વરૂપમાં સ્થિત થાય છે
અને એ પછી એનું પૃથક્ અસ્તિત્વ રહેતું નથી.
આ મહિમાવાન ૐ મંત્ર એ પરમ ઓંકારી મંત્ર છે.

'પ્રણવઃ સર્વ વેદેષુ ।' એ વેદોના સારરૂપ છે.

પ્રણવ એ બ્રહ્મ, બુદ્ધિ અને વિવેકનો આધાર છે.
એમાં બહુમુખી ક્ષમતા અને સમગ્ર વિશ્વવ્યાપકતા છે.

પ્રણવ એ વિશ્વશક્તિનો પ્રેરક છે.

## ૐકારનું ધ્યાન એ જ શુદ્ધોપયોગ છે.

'ઉપયોગો લક્ષણમ્ ।' ઉપયોગ એ જીવનું લક્ષણ છે.
એ ઉપયોગ જ્યારે ૐકારમાં પરોવાય, ત્યારે
તેને 'સુરતાનું શબ્દમાં પરોવવું' એમ કેટલાક કહે છે.
જૈન દર્શન તેને શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયના ધ્યાનમાં
ઉપયોગને પરોવવાની ક્રિયા તરીકે પ્રતિપાદન કરે છે.
ઓંકાર વડે વ્યવહારનયથી શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમય
પંચ પરમેષ્ઠિનું ધ્યાન થાય છે અને
નિશ્ચયનય વડે નિજ આત્માનું ધ્યાન થાય છે.
ત્યાં નિજત્વ - જિનત્વ એક થઈ જાય છે, તેથી
'ઓંકાર એ શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયનું પ્રતીક છે'
એમ માની તેનું ધ્યાન કરવાથી આત્મા સ્વસ્વરૂપની
પ્રાપ્તિ કરે છે. ઉપરાંત ઓંકારના ધ્યાન દ્વારા જેમ જેમ
નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા વધતી જાય છે,
તેમ તેમ અસંખ્ય - અસંખ્ય કર્મની નિર્જરા દ્વારા
જીવ મોક્ષસુખનો અધિકારી થાય છે.

## श्री शारदा स्तुति

हे वाणी वरदायिनी, करिए हृदय निवास ।
नवल सृजनकी कामना, रही सृजनकी आस ॥

❖

मात शारदा उर बसो, धरकर सम्यक रूप ।
सत्य सृजन करता रहूं लेकर भाव अनूप ॥
सरस्वती के नाम से, कलुष भाव हो अंत ।
शब्द सृजन होवे सरस, रसना हो रसवंत ॥

❖

वीणापाणि मा मुझको, दे दो यह वरदान ।
कलम सृजन जब भी करे, करे लक्ष्य संधान ॥
वास करो वागेश्वरी, जिह्वा के आधार ।
शब्द सृजन हो जब झरे, विस्मित हो संसार ॥

❖

बुद्धिं देहि यशो देहि कवित्वं देहि देहि मे ।
मूढत्वं च हरेद्देवि त्राहि मां शरणागतम् ॥

हे भवतारक भारती, वर दे सम्यक् ज्ञान ।
नित्य सृजन करते हुए, रचे दिव्य अभिधान ॥
भाव विमल विमला करो, हो निर्मल मतिज्ञान ।
निर्विकार होवे सृजन, दो ऐसा वरदान ॥

❖

विंध्यवासिनी दीजिए, शुभ श्रुति का वरदान ।
गुंजित होती दिव्य ध्वनि, सृजन करे रसपान ॥
महाविद्या सुरपूजिता, अवधिज्ञान स्वरूप ।
लोकानुभूति से सृजन, रचे जगत अनुरूप ॥


❖


नित्यानन्दे निराधारे निष्कलाङ्के नमो नमः ।
विद्याधरे विशालाक्षि शुद्ध ज्ञाने नमो नमः ॥

❖

महोपाध्याय महाराज कृत द्वात्रिंशत् द्वात्रिंशिका मंगलाचरण:

ऐन्द्रवृन्दविनताङ्घ्रिभामलं भामलं जिनपतिं समाश्रिताम् ।
योगिनोऽपि विनमन्ति भारतीं भारती मम ददातु सा सदा ॥


ॐ
ॐ
हं
यं
रं
वं
लं




અગ્નિતત્ત્વનો રંગ પીળો છે, તેનો બીજમંત્ર रं છે,
તેનું ધ્યાન કરવાથી અગ્નિને - તાપને
સહન કરવાનું બળ મળે છે અને ભૂખ ઉઘડે છે.

www.fiestadesigns.in